ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૦૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 26 • Dt.28-08-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

28 AUGUST- 2025 THURSDAY




P.07

વિક્રમ ભટ્ટના બીજા પ્રોજેક્ટમાં સની લિયોનની એન્ટ્રી,પોસ્ટ શેર કરીને ખુશી વ્યક્ત કરી



P.07

પરિવારમાં દીકરીઓનો અવાજ દબાવવો ન જોઈએ : શ્વેતા ત્રિપાઠી

ટ્રમ્પ ચીનના ૬ લાખ વિદ્યાર્થીઓને અમેરિકામાં આવવા દેશે : અત્યારે ૨,૭૦,૦૦૦ ચીની વિદ્યાર્થીઓ યુ.એસ.માં



07



07

જળસ્તર વધતાં ડેમમાંથી પાણી છોડાયું : ભારતે માનવતાના ધોરણે પાકિસ્તાનને ત્રીજી વખત આપ્યું એલર્ટ

**રાજકોટના લોકો માટે આનંદના સમાચાર**

**રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર જિલ્લાના રાજકોટ સિંચાઈ વિભાગ અંતર્ગત આવતા ૮૧ ડેમમાંથી ૨૪ ડેમ ૧૦૦ ટકા ભરાયા**

# સૌરાષ્ટ્રમાં ખૂબ સારો વરસાદ વરસ્યો । અનેક જળાશયો છલોછલ ભરાયા

**રાજકોટ જિલ્લાના ૨૭ ડેમમાંથી ૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા । મોરબી જિલ્લાના ૧૦ ડેમમાંથી ૧ ડેમ ૧૦૦ ટકા ભરાયો । જામનગર જિલ્લાના ૨૧ ડેમમાંથી ૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા । દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૨ ડેમમાંથી ૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૭ ।

ઓગસ્ટ મહિનામાં સૌરાષ્ટ્રમાં ખૂબ સારો વરસાદ વરસ્યો છે. જેના કારણે અનેક જળાશયો છલોછલ ભરાયા છે. રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર જિલ્લાના રાજકોટ સિંચાઈ વિભાગ અંતર્ગત આવતા ૮૧ ડેમમાંથી ૨૪ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. તો અનેક ડેમ ઓવરફ્લો થવાની તૈયારીમાં છે.રાજકોટના લોકો માટે આનંદના સમાચાર છે. સમગ્ર શહેરને પીવાનું પાણી પૂરું પાડતો આઝી ૧ ડેમ ૯૪.૦૬ ટકા ભરાયો છે. જે કોઈપણ સમયે ઓવરફ્લો થઈ શકે છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લાની વાત કરવામાં આવે તો રાજકોટ જિલ્લાના ૨૭ ડેમમાંથી ૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. રાજકોટ જિલ્લાના મોજ ડેમ, આજી ૩ ડેમ, સોડવદર ડેમ, ન્યારી ૨ ડેમ, લાલપરી તળાવ, માલગઢ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. મોરબી જિલ્લાના ૧૦ ડેમમાંથી ૧ ડેમ ૧૦૦ ટકા ભરાયો છે. મોરબી જિલ્લાના ધોડાધ્રોઈ ડેમ ૧૦૦ ટકા ભરીયો છે. જામનગર જિલ્લાના ૨૧ ડેમમાંથી ૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે.જામનગર જિલ્લાના સસોઈ ડેમ, ફુલઝર ૧, ફુલઝર ૨, ડાઈ મીણસર ડેમ, સસોઈ ૨ ડેમ, વાગડીયા ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૨ ડેમમાંથી ૭ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે. વર્તુ ૧ ડેમ, સોનમતી ડેમ, શેઢા ભાડથરી ડેમ, વિરાડી ૧ ડેમ, વીરાડી ૨ ડેમ, સિંધણી ડેમ, મીણસર (વાનાવડ)ડેમ ૧૦૦ટકા ભરાયા છે.



સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૧ ડેમ પૈકી ૨ ડેમ સો ટકા ભરાયા વાંસલ ડેમ અને ત્રિવેણી ઠાંગા ડેમ સો ટકા ભરાયા છે.સૌરાષ્ટ્રમાં ઓગસ્ટ મહિનામાં ખૂબ સારો વરસાદ વરસ્યો હતો. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ મેઘરાજાની મહેર ખૂબ સારી થઈ હતી. જેને કારણે દેવભૂમિ દ્વારકા જિલ્લાના અનેક જળાશયો ભરાઈ ગયા છે. ખાસ કરીને જુલાઈ મહિના સુધી મેઘરાજાએ ઘણી રાહ જોવડાવી હતી. પરંતુ ઓગસ્ટ મહિનામાં વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હતી.જેથી વરસાદ સારો વરસ્યો હતો. ઓગસ્ટ મહિનામાં વરસેલા વરસાદના કારણે મગફળી કપાસ સહિતના ચોમાસુ પાકને ખૂબ સારો ફાયદો થયો છે.

**ચેમ્બર ઓફ કોમર્સ અને પૂજા નારી શક્તિ ફાઉન્ડેશન દ્વારા આયોજન કરવામાં આવશે**

# ગાંધીધામમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર સેમિનાર યોજાશે

। પ્રતિનિધિ, ગાંધીધામ, તા.૨૭ ।

હાલ ખાસ કરીને યુવાઓમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, ઉપરાંત કચ્છમાં હાર્ટની બીમારીના કિસ્સા વધ્યા છે ત્યારે ગાંધીધામમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ગુજરાતના હાર્ટ સ્પેશિયાલીસ્ટ ડો. સ્વપ્રિલ શાહ અને જાણીતા સ્પીકર જય વસાવડા ઉપસ્થિત રહેશે.

કચ્છ જિલ્લામાં પ્રથમ વખત ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજીત અને પૂજા નારી શક્તિ ફાઉન્ડેશનના સહયોગથી હૃદય રોગ અંગે જાગૃતિ ફેલાવવા દિલની વાતો નામથી સેમિનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સેમિનારમાં હાર્ટ એટેક નહીં હાર્ટ એટેકના ડરથી બચો વિષય ઉપર ગુજરાતના જાણીતા હાર્ટ સ્પેશિયલિસ્ટ અને હાર્ટના ૫૦૦૦ જેટલા દર્દીઓનું નિદાન કરનાર ડૉ. સ્વપ્રિલ શાહ તબીબી ભાષામાં લોકોને વિગતવાર સમજણ પૂરી પાડશે. ઉપરાંત દેશ વિદેશમાં નામના મેળવનાર લેખક અને મોટીવેશનલ સ્પીકર જય વસાવડા પોતાની આગવી શૈલીમાં લોકોને જીવનમાં હળવાફૂલ બનીને રહેવા માટે અંગે સ્પીચ આપશે. ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ ખાતે આગામી ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે આ કાર્યક્રમ યોજાશે. આ સેમિનારના ફ્રી પાસ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ પૂજા નારી શક્તિ ફાઉન્ડેશનની આદિપુર ઓફિસ ખાતેથી મળી શકશે. વધુ માહિતી માટે પૂજા પરિયાનીમો.૯૭૨૫૬૬૩૪૧૧ઉપર સંપર્ક કરી શકો છો.







મારો વિસ્તાર
મારો અવાજ

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Thursday
28-08-2025



લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


### ટ્રમ્પના ટેરિફ બાદ

## અમેરિકામાં પડદા, બેડશીટ્સ અને તૈયાર કપડાની નિકાસ આજથી બંધ

### અત્યારે અમેરિકામાં અંદાજે ગારમેન્ટનું એક્સપોર્ટ ૫.૫ અબજ ડોલરનું છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

રેડીમેડ ગારમેન્ટ અને ટેક્સ્ટાઈલના અન્ય ઉત્પાદનોની અમેરિકામાં નિકાસ કરનારા ભારતીય નિકાસકારો પાસેથી ૨૭ ઓગસ્ટે વધારાના ૫૦ ટકા સહિત કુલ ૫૬થી ૫૮ ટકા ટેરિફ લેવાશે. આ નિર્ણયને પરિણામે ભારતની નિકાસને અંદાજે એક લાખ કરોડ રૂપિયાથી વધુનો ફટકો પડવાની સંભાવના છે. ઈમ્પોર્ટ ટેરિફનો આટલો મોટો બોજ વેઠવું કોઈપણ સેક્ટર માટે અશક્ય છે. રેડીમેડ ગારમેન્ટ્સની નિકાસ અંદાજે ૫.૫ અબજ ડૉલર અને હોમ ફર્નિશિંગ સહિતના અન્ય ઉત્પાદનોની બીજી ૫.૫ અબજ ડૉલર મળીને ભારતમાંથી અમેરિકામાં ટેક્સટાઈલ સેક્ટરની કુલ નિકાસ ૧૧ અબજ ડૉલરની છે. નોંધનીય છે કે, ગુજરાતમાંથી અમેરિકામાં એક અબજ ડૉલરના ટેક્સટાઈલ ઉત્પાદનોની નિકાસ થાય છે.અમેરિકન પ્રમુખ છેલ્લા ઘણાં મહિનાઓથી ટેરિફ લાદવાને મુદ્દે ગાજતા હોવાથી ભારતની કેટલીક કંપનીઓએ ટેરિફનો અમલ થાય તે પહેલાં જ નિકાસના ખાસ્સા કન્સાઈનમેન્ટ મોકલી દીધા છે. પરિણામે આ વર્ષે ખાસ્સી નિકાસ થઈ ચૂકી છે. એક અંદાજ મુજબ ઓગસ્ટ ૨૦૨૫ના પહેલા પખવાડિયાના અંત સુધીમાં રેડીમેડ ગારમેન્ટની કુલ ૨.૫થી ૩ અબજ ડૉલરની નિકાસ થઈ ચૂકી હોવાનો અંદાજ છે. છતાંય



સંખ્યાબંધ નિકાસકારોના ગોદામોમાં જંગી ઈન્વન્ટરી પડી રહી છે. પરંતુ હવે પછીના છથી સાત મહિનામાં નિકાસ સાવ જ અટકી પડશે. ક્લોથિંગ મેન્યુફેક્ચર્સ એસોસિએશન ઑફ ઈન્ડિયાના ચીફ મેન્ટર રાહુલ મહેતા નિકાસ બંધ થવા પાછળનું કારણ આપતા કહે છે કે, જૂની છ ટકાથી આઠ ટકાની ટેરિફ વત્તા બીજા એડિશનલ ટેરિફના ૫૦ ટકા લાગતા અમેરિકામાં ટેક્સટાઈલની નિકાસ બંધ થઈ જશે. કારણ કે, ભારતીય ઉત્પાદકોની અને નિકાસકારોની સ્પર્ધા સાવ જ ખતમ થઈ ગઈ છે. અત્યારે અમેરિકામાં અંદાજે ગારમેન્ટનું એક્સપોર્ટ ૫.૫ અબજ ડૉલરનું છે. આ નિકાસ અંદાજે ૫૦ હજાર કરોડ રૂપિયાની થાય છે. ભારતમાંથી ટી શટ્ર્સ, શટ્ર્સ, લેડીઝ ટોપ, બ્લાઉઝ સહિતના પ્રોડક્ટ્સની નિકાસ કરવામાં આવે છે.રાહુલ મહેતાનું કહેવું છે કે, ભારતના નિકાસકારોએ હવે અમેરિકાને છોડીને યુરોપિયન યુનિયનના દેશોમાં નિકાસ કરવા પર ફોકસ કરવું પડશે.

## બાઈક અને ટેન્કર વચ્ચેના અકસ્માતમાં જામનગરના આશાસ્પદ યુવાનનું અંતરિયાળ મૃત્યુ

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૬ ।

જામનગર જિલ્લાના ધ્રોળ-જોડિયા ધોરીમાર્ગ પર માવા પર ગામના પાટીયા પાસે સ્કૂટર અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં સ્કૂટરના ચાલક જામનગરના આશાસ્પદ યુવાનનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નીપજ્યું છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગુલાબ નગર નજીક રામવાડી વિસ્તારમાં રહેતો અને ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો રમેશ ધીરજલાલ ડાંગર નામનો ૩૨ વર્ષનો યુવાન ગઈકાલે પોતાનું બાઈક લઈને ધ્રોળથી જોડિયા રોડ પર પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન માવાપર ગામના પાટીયા પાસે જીજે ૩૯ ટી ૯૦૦૪ નંબરના ટ્રક ચાલકે બાઈકમાં હડફેટે લઈ લેતાં અકસ્માત સર્જાયો હતો.

## ભાવનગરમાં અચાનક રોડ પૂરો થઈ જતાં અકસ્માતમાં એકનું મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૭ ।

ભાવનગરથી એક ગમખ્વાર અકસ્માતની માહિતી સામે આવી છે. આ અકસ્માતમાં એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું છે તેમજ અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. હાલ, આ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ મામલે તંત્રની ઘોર બેદરકારીના કારણે મહિલાનો જીવ ગયો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ભાવનગરના વલ્લભીપુર તાલુકાના કાનપર ગામ પાસે અકસ્માત સર્જાયો હતો. એક પરિવાર સુરતથી અમરેલી કોઈક કામ માટે જઈ રહ્યો હતો. આ દરમિયાન અધવચ્ચે જ રોડ પૂરો થઈ જતા ગાડી રોડ પરથી નીચે ખાબકી હતી. કાર નીચે પટકાતાની સાથે જ કાર ભડભડ બળવા લાગી. જેથી કારમાં સવાર એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું અને અન્ય ત્રણ લોકો દાઝી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. હાલ ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે અને મૃતક મહિલાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

## ભોલાવ જીઆઇડીસી ખાતે વિદેશી દારૂનું કટીંગ કરી રહેલ બે ઝડપાયા, ત્રણ ફરાર

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૭ ।

ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસે ભોલાવ જીઆઈડીસી ખાતે દરોડો પાડી બે કારમાં વિદેશી દારૂના જથ્થાનું કટીંગ કરી રહેલ બે શખ્સોને ઝડપી પાડી રૂ.૯.૯૮ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર એક મહિલા સહિત ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.ભોલાવ જીઆઈડીસી ખાતે આવેલ જીએનએફસી પ્લાન્ટની બહાર પાર્કિંગમાં ઈમરાન મહંમદ પટેલ (રહે-રહાડ ગામ ,વાગરા) એક કારમાં દારૂનું કટીંગ કરવાનો છે તેવી બાતમી ભરૂચ સી ડિવિઝન પોલીસને મળી હતી. જે આધારે પોલીસે બાતમી મુજબના સ્થળ ઉપરથી વોચ ગોઠવી એક કારમાંથી બીજી કારમાં દારૂનો જથ્થો મૂકી રહેલ ઈમરાન પટેલ અને હર્ષદકુમાર કાંતિલાલ વાણંદ (રહે-ભોલાવ, ભરૂચ)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ.૧,૮૩,૧૦૦ની કિંમતની દારૂની ૧૪૧ બોટલ, ૨ મોબાઈલ ફોન અને ૨ કાર સહિત કુલ રૂ.૯,૯૮,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દારૂનો જથ્થો કીમ ખાતેથી લખનલાલ નામના વ્યક્તિ પાસેથી લાવી મીનાક્ષીબેન ઈન્દ્રવદન મહેતા (રહે-નવી વસાહત ભરૂચ) તથા મહેન્દ્ર ઉર્ફે ટેલર (રહે-ધોળીકુઈ બજાર, ભરૂચ)ને આપવાનો હોવાની આરોપીઓએ કબુલાત કરી હતી. બે શખ્સોને ઝડપી પાડી રૂ.૯.૯૮ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર એક મહિલા સહિત ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

### સુરતમાં દબદબાભેર ગણેશોત્સવનો પ્રારંભ :

## સુરતમાં શ્રીજીના ભક્તોએ ભારે ઉત્સાહ । ઉમંગ - ઢોલનગારા સાથે કરી શ્રીજીની પ્રતિમાની સ્થાપના

। પ્રતિનિધિ, સુરત, તા.૨૭ ।

મુંબઈની જેમ સુરતમાં પણ ગણેશોત્સવની ધુમ જોવા મળી રહી છે અને તેની સાથે જ આજે સુરતમાં દબદબાભેર ગણેશોત્સવનો પ્રારંભ થઈ ગયો છે. આજે વહેલી સવારથી જ ઘર અને મંડપમાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના શરૂ થઈ ગઈ હતી તે મોડે સુધી જોવા મળી હતી. શ્રીજીના ભક્તોએ ભારે ઉત્સાહ, ઉમંગ અને ઢોલ નગારા સાથે કરી શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરી હતી અને હવે સતત દિસ દિવસ બાપાની ભક્તિ માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગણપતિ બાપા મોરિયાના નારા સાથે ગણેશજીની સ્થાપના કરતાની સાથે જ સુરત ગણપતિમય બની ગયું હોય તેવો માહોલ સર્જાયો હતો.



સુરતમાં આ વર્ષે પણ ૮૦ હજારથી પણ વધુ નાની મોટી શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામા આવી છે. લોકોએ પોતાના ઘર, રહેણાંક સોસાયટી ઉપરાંત સંખ્યાબંધ મોટા ગણેશ આયોજકો દ્વારા ગણપતિ ઉત્સવ માટે લાબા સમયથી તૈયારી કરી હતી અને આજે ગણેશ ચતુર્થીના દિવસે બાપાની હર્ષ અને ઉલ્લાસ અને ભક્તિભાવ સાથે સ્થાપના કરી હતી. બાપાની સ્થાપના પહેલા અનેક આયોજકો અને રહેણાંક સોસાયટીમાં ઢોલ નગારા સાથે ગણેશજીના ભક્તોએ માહોલ બનાવી દીધો હતો. સુરતમાં દબદબાભેર ગણેશોત્સવનો પ્રારંભ થઈ ગયો છે બાપાના આગમન સાથે સુરત શહેર ભક્તિ અને આનંદના રંગે રંગાઈ ગયું છે. સંખ્યાબંધ ગણેશ મંડળોએ ગઈકાલે રાત્રે શહેરના રસ્તાઓ પર શોભાયાત્રા કાઢી હતી તેના કારણે સુરત ઝગમગી ઉઠ્યું હતું. રાત્રીના શહેરના કોટ વિસ્તારના અનેક રસ્તાઓ ગણેશ આગમનના કારણે બંધ થઈ ગયા હતા. ગણપતિ બાપ્પાના આગમન સમયે “ગણપતિ બાપ્પા મોરિયા”ના ઉલ્લાસભેર નારા ગુંજતા શહેરમાં તહેવારની રંગત જમાવી દીધી છે. સુરતના અનેક સોસાયટી, સાર્વજનિક મંડળ અને સંસ્થાઓએ વિશાળ મંડપ ઉભા કરી આ તહેવારને જીવંત બનાવી દીધો છે. આજની સ્પના બાદ દસ દિવસ સુધી ગણેશ મંડપમાં વિવિધ પુજા સાથે છપ્પન ભોગ અને સત્યનારાયણની કથાનું પણ આયોજન કરવામાં આવશે.

## અમદાવાદ ક્રાઈમ બ્રાંચે અજમેર ટ્રિપલ મર્ડર કેસમાં વોન્ટેડ ત્રણ આરોપીઓની ધરપકડ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે અજમેરમાં થયેલા ટ્રિપલ મર્ડર કેસમાં મોટી કાર્યવાહી કરીને ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ એ જ સનસનાટીપૂર્ણ કેસ છે જેમાં માત્ર ૫ રૂપિયાના વિવાદમાં ત્રણ લોકોની નિર્દયતાથી હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ પણ થયા હતા, જેના કારણે વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેસ અજમેરના રામગંજ પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો હતો. તપાસકર્તાઓએ જણાવ્યું કે આ ઘટના કુરેશી સમુદાય વચ્ચે ચિકનની કિંમતોને લઈને થયેલી હિંસક અથડામણના કારણે બની હતી, જેને લઈને વોટ્સએપ ગ્રુપમાં ચર્ચા ચાલી રહી હતી.૧૫ જુલાઈએ રામગંજ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના ખાનપુરામાં મુસ્લિમ સમુદાયના બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઝઘડો પાકીઝા મીટ શોપ પર જૂની અદાવતને કારણે શરૂ થયો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જેમાં બંને પક્ષોએ તીક્ષ્ણ હથિયારો અને અન્ય શસ્ત્રોનો ઉપયોગ કર્યો. આ હુમલામાં દસ લોકો ઘાયલ થયા હતા અને ઈમરાન, શાહનવાઝ અને ગુલામ કુરેશી નામના ત્રણ વ્યક્તિઓને હોસ્પિટલ લઈ જતાં રસ્તામાં જ દમ તોડ્યો હતો.

## વટવા ગ્રીનની ચૂંટણીમાં બે પેનલો આમનેસામને

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૭ ।

વટવામાં ગયા વર્ષ દરમિયાન સત્તા સંભાળનારા ડિરેક્ટરોએ પાણીના વિતરણમાં પક્ષપાતી વલણ દાખવ્યું હોવાથી ગિન્નાયેલી યુવા પેઢીએ આગામી પાંચ વર્ષ માટે યોજવામાં આવનારી વટવા ગ્રીનની ચૂંટણીમાં યુવાનોની નવી પેનલ ઊભી કરી દીધી છે.નાના ઉદ્યોગોનું નેતૃત્વ કરતી પેનલ યુનાઈટેડ વટવા છે. આ પેનલ અંકિત શંકરલાલ પટેલના નેતૃત્વમાં ઊભી થઈ છે. જ્યારે આનંદ પટેલના નેતૃત્વ હેઠળ બીજી પ્રગતિ પેનલ ચૂંટણી લડવા અને ગયા વરસે કેટલાક તત્વોએ કરેલી ગેરરીતિને નાબૂદ કરી દઈને ઔદ્યોગિક એકમોની તમામ જરૂરિયાત પૂર્ણ કરવા માટે ચૂંટણી લડવા સજ્જ થઈ ગઈ છે.પ્રગતિ પેનલના અગ્રણી આનંદ પટેલનું કહેવું છે કે અમે મેમ્બરોના હિતમાં અને સંસ્થાના હિતમાં તથા વટવાનો વિકાસ થાય તે રીતે કામ કરવા વચનબદ્ધ છીએ. મેમ્બરોને કોઈ જ તકલીફ ન પડે અને પોલ્યુશનના દરેક ધારાધોરણોનું પાલન થાય તે રીતે કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલે તેની તકેદારી રાખીશું. જોકે પ્રગતિ પેનલના જાણકારોનું કહેવું છે કે ગયા વરસે અમારી જે પાણીના વિતરણમાં અમારી ભૂલ થઈ હતી તે ભૂલ કરનારને અમે અમારા ગ્રુપમાંથી કાઢી મૂક્યો છે. હવેથી ઉદ્યોગોની પાણીના વિતરણની સમસ્યા ન નડે તે માટે પ્રયાસ કરવામાં આવશે.




ઘટના બાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી

# વડોદરામાં શ્રીજીની પ્રતિમા પર ઈંડા ફેંકનારા યુવકોનું જાહેરમાં સરઘસ કાઢ્યું, આરોપીઓએ માફી માગી

**ગણતરીના કલાકોમાં જ પોલીસે એક સગીર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને નવી પ્રતિમાની વ્યવસ્થા પણ કરી હતી**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૭ ।

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ગણેશજીની પ્રતિમા પર ઈંડા ફેંકવાના બનેલા બનાવ બાદ પોલીસે બે આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું અને તેમને માફી પણ મંગાવી હતી. આ ઘટના માંજલપુરના ગણેશ મંડળની શ્રીજીની પ્રતિમાની સ્થાપના વેળાએ બની હતી. મોડી રાત્રે અંદાજે ૨:૩૦ વાગ્યાની આસપાસ પાણીગેટ પાસેના મદાર માર્કેટ નજીક કોઈ અજાણ્યા શખ્સોએ પ્રતિમા પર ઈંડા ફેંક્યા હતા. આ ઘટનાને કારણે ગણેશ મંડળોમાં ભારે રોષ ફેલાયો હતો.



આ ઘટના બાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ પ ોલીસે એક સગીર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને નવી પ્રતિમાની વ્યવસ્થા પણ કરી હતી. આરોપીઓની ઓળખ સુફિયાન મન્સૂરી અને શાહ નવાઝ ઉર્ફે બડબડ કુરેશી તરીકે થઈ હતી.પોલીસે આજે આ બે આરોપીઓને તેમના જ વિસ્તારમાં, વાડીના ખાનગાહ મોહલ્લામાં, જાહેરમાં ફેરવ્યા હતા. તેમના હાથ દોરડા વડે બાંધેલા હતા. આ સરઘસ દરમિયાન બંને આરોપીઓએ પોતે કરેલા કૃત્ય બદલ હાથ જોડીને માફી માંગી હતી.

આ ઘટના બાદ ગણેશ મંડળોમાં અને સ્થાનિક ભાજપના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પરંતુ પોલીસે તાત્કાલિક આરોપ ીઓને શોધી કાઢીને કડક કાર્યવાહી કરવાની ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના બની નહોતી.

ે લ્લા ઘણા વર્ષોથી વડોદરામાં ગણેશોત્સવ શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય છે.વિસર્જન યાત્રામાં પણ શાંતિ જળવાઈ રહે છે. તેમજ કેટલાક સ્થળોએ કોમી એકતાના પણ દ્રશ્યો જોવા મળે છે. તેવા સમયે અચાનક થયેલી આ ઘટનાના કારણે પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે. આ ઘટના પછી ઘટના સ્થળે દોડી આવેલા પોલીસ અધિકારીઓએ તાત્કાલિક અલગ - અલગ ૧૨ ટીમો બનાવી હતી. ઘટના સ્થળની નજીક ફિટ કરેલા સીસીટીવીના ફૂટેજ, બાતમીદારો મારફતે આરોપીઓને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી હતી. મંગળવારે રાતે માત્ર ૧૦ થી ૧૫ લોકો કોઈ જ ઘોંઘાટ કર્યા વગર શાંતિ પૂર્વક મૂર્તિ લઈ જઈ રહ્યા હતા. તે સમયે ઈંડા ફેંકીને અસામાજિક તત્વોએ પોલીસને પડકાર ફેંક્યો હતો. શોભાયાત્રા પર જે બિલ્ડિંગો પરથી ઈંડા ફેંકવામાં તે બિલ્ડિંગની લાઈટો ટપોટપ બંધ થઈ ગઈ હતી અને વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો.

સ્થળ પર હાજર લોકોનું કહેવું છે કે, આ ઘટનામાં ૭ થી ૮ સગીર પણ સામેલ હતા. તેમજ મોટા બે થી ત્રણ હતા. લોકોની માંગ છે કે, આ રીતે મૂર્તિ પર ઈંડા ફેંકી ધાર્મિક લાગણી દુભાવનાર સામે કડક કાર્યવાહી કરી દાખલો બેસાડવો જોઈએ. જેથી, ભવિષ્યમાં કોઈ આવી હિંમત કરે નહીં.વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ગણેશજીની પ્રતિમા પર ઈંડા ફેંકવાના બનેલા બનાવ બાદ પોલીસે બે આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું અને તેમને માફી પણ મંગાવી હતી. આ ઘટના માંજલપુરના ગણેશ મંડળની શ્રીજીની પ્રતિમાની સ્થાપના વેળાએ બની હતી. મોડી રાત્રે અંદાજે ૨:૩૦ વાગ્યાની આસપાસ પ ાણીગેટ પાસેના મદાર માર્કેટ નજીક કોઈ અજાણ્યા શખ્સોએ પ્રતિમા પર ઈંડા ફેંક્યા હતા. આ ઘટનાને કારણે ગણેશ મંડળોમાં ભારે રોષ ફેલાયો હતો.આ ઘટના બાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

પૂછપરછમાં ચોંકાવનારી કબૂલાત

# અમરેલી જિલ્લા નજીક સિંહના મોત માટે જવાબદાર બે આરોપીની ધરપકડ

। પ્રતિનિધિ, અમરેલી, તા.૨૭ ।

અમરેલી ગીરગઢડા તાલુકાના મહોબતપરા ગામ નજીક રાવલ નદીમાંથી ૨૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટના બાદ વન વિભાગે અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન બાતમીના આધારે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. ઝડપાયેલા આરોપીઓમાં (૧) મુકેશ બળદાણીયા (રહે. નગડીયા) અને (૨) કમલેશ કલશરિયાની પૂછપરછ દરમિયાન ચોંકાવનારી કબૂલાત કરી હતી. તેમણે જણાવ્યું કે ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ની રાત્રે નગડિયા ગામની સીમમાં આવેલી પોતાની વાડીમાં મગફળી, કપાસ અને તુવેરના પાકને રક્ષણ આપવા માટે તાર ફેન્સિંગમાં વીજ પ્રવાહ મૂક્યો હતો. તે જ વીજ પ્રવાહના સંપર્કમાં આવતા સિંહનું મોત નીપજ્યું હતું.સિંહનું મોત થયા બાદ આરોપીઓએ તેના મૃતદેહને ટ્રેક્ટરના પાછળના ભાગમાં આવેલા સુપડામાં ભરીને મહોબતપરા ગામ નજીક રાવલ નદીના પુલ પરથી ફેંકી દીધો હતો.

આરોપીઓને ગીરગઢડા કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ પૂર્ણ થયા બાદ મંગળવારે તેમને ફરીથી કોર્ટમાં હાજર કરાયા હતા, જ્યાં કોર્ટે તેમની જામીન અરજી નામંજૂર કરીને જૂનાગઢ જેલ હવાલે કરવાનો આદેશ આપ્યો છે.

## ૪૦,૦૦૦ વસુલવા રેસ્ટોરન્ટમાં બેફામ તોડફોડ કરનાર ચાર હુમલાખોર પકડાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૭ ।

વડોદરાના જેતલપુર રોડ વિસ્તારની હોટલમાં તોડફોડ કરનાર ચાર હુમલા કોરોને પોલીસે ઝડપી પાડી કાન પકડાવીને ઊઠબેસ કરાવી હતી.સન ફાર્મા રોડ પર નીલમબર ઓરીઅન્સ ખાતે રહેતા અને જેતલપુર રોડ પર રેસ્ટોરન્ટ ચલાવતા વિશાલ છાબરીએ પોલીસને કહ્યું છે કે રેસ્ટોરન્ટમાં ફર્નિચર અને કલરકામ માટે દોઢ લાખનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. પરંતુ અધૂરું કામ રહેતા ૧.૧૦ લાખ ચૂકવ્યા હતા. બાકીના ૪૦ હજારની માંગણી કરી સુરેશ સુદામ સેગર તા.૨૩મી એ તેના ત્રણ સાગરીતો સાથે રેસ્ટોરન્ટમાં આવ્યો હતો અને ઝઘડો કરી જે આવે તે ચીજો તોડફોડ કરી રૂ.અઢી લાખનું નુકસાન કર્યું હતું.ઉપરોક્ત બનાવવા અંગે અકોટા પોલીસે હુમલાખોર સુરેશ સેગર તેમજ તેની સાથે આવેલા અવિનાશ સુભાષ ભાઈ સેગર, મયુર પન્ઢરી સેગર અને વિકાસ છાયાનાથ શિન્દે (તમામ રહે- ભૈરવનાથ નગર મુજમહુડા) ની ધરપકડ કરી છે.વડોદરાના જેતલપુર રોડ વિસ્તારની હોટલમાં તોડફોડ કરનાર ચાર હુમલા કોરોને પોલીસે ઝડપી પાડી કાન પકડાવીને ઊઠબેસ કરાવી હતી.

## અરવલ્લીમાં બાળક સાથે દંપતીનો સામૂહિક આપ ઘાતનો પ્રયાસ

। પ્રતિનિધિ, અરવલ્લી, તા.૨૭ ।

અરવલ્લીમાંથી સામૂહિક આપ ઘાતના પ્રયાસની ઘટના સામે આવી છે. જેમાં દંપતીએ બાળક સાથે નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ ઘટનામાં પતિનું મોત નિપજ્યું છે અને પત્ની તેમજ બાળક હાલ સારવાર હેઠળ છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, બુધવારે (૨૭ ઓગસ્ટ) વહેલી સવારે અરવલ્લીમાંથી પરિવાર દ્વારા સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી હતી. પતિ-પત્નીએ બાળક સાથે માલુપર પાસેની વાત્રક નદીમાં ઝંપલાવ્યું હતું. જોકે, સ્થાનિકોને આ વિશે જાણ થતા તુરંત પોલીસને સંપ ર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મોડાસા નગર પાલિકાની રેસ્ક્યુ ટીમે બચાવ કામગીરી હાથ ધરી અને ત્રણેયને નદીની બહાર કાઢવામાં આવ્યા. જોકે, આ દરમિયાન પતિનું મોત નિપજ્યુ હતું પરંતુ પત્ની તેમજ બાળકોના શ્વાસ શરૂ હતા. પોલીસ અને રેસ્ક્યુ ટીમ દ્વારા પ ત્ની અને બાળકને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ મામલે પોલીસે આપઘાતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસે હાલ પતિના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. આ મામલે પ્રાથમિક તપાસમાં ઘરકંકાસના કારણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. જોકે, પોલીસ પત્નીનું નિવેદન અને પોસ્ટ મોર્ટમના રિપોર્ટ આધારે કેસમાં આગળની કાર્યવાહી હાથ ધરશે. અરવલ્લીમાંથી સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી છે. જેમાં દંપતીએ બાળક સાથે નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ ઘટનામાં પતિનું મોત નિપ જ્યું છે અને પત્ની તેમજ બાળક હાલ સારવાર હેઠળ છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ અને રેસ્ક્યુ ટીમ દ્વારા પત્ની અને બાળકને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.






## તંત્રી લેખ..

# ગન કલ્ચરને લઇ ચર્ચા

વિશ્વના જુદા જુદા દેશોમાં ગન કલ્ચરને લઈને હાલમાં ભારે ચર્ચા રહી છે. અમેરિકા સહિતાના કેટલાક દેશો ખુલ્લી રીતે ગન કલ્ચરને ટેકો આપી ચુક્યા છે ત્યારે તેમના વિરોધમાં પણ કેટલાક દેશ આગળ આવ્યા છે તે બાબત સ્વાગતરૂપ છે. અમેરિકાના પ્રમુખ દ્વારા બંદુક સંસ્કૃતિ અથવા તો ગન કલ્ચરના સમર્થનમાં હાલમાં આપવામાં આવેલુ નિવેદન ચોક્કસપણે શરમજનક અને વખોડવાલાયક નિવેદન છે. બીજી બાજુ આ નિવેદનને લઈને ખાસ કરીને ફ્રાન્સ અને બ્રિટનમાં અમેરિકાની કરવામાં આવેલી નિંદા સ્વાગતરૂપ છે. દુનિયાના જાગૃત દેશો અમેરિકાના નિવેદનની જોરદાર ટિકા કરી રહ્યા છે. આવા નિવેદનની ટિકા કરવામાં આવે તે જરૂરી પણ છે. થોડાક સમય પહેલા અમેરિકી પ્રમુખે અમેરિકાની રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનની બેઠકમાં ગન કલ્ચરની વાત કરીને તમામને ચોંકાવી દીધા છે. ગન લોબીને ખુશ કરનાર નિવેદન આપવા બદલ અમેરિકાના સત્તાધીશોની ચારેબાજુ ટિકા થઈ રહી છે. એ વખતે અમેરિકાના પ્રમુખે કહ્યુ હતુ કે કે ફ્રાન્સમાં જો ઉદાર નિયમ રહ્યા હોત તો વર્ષ ૨૦૧૫મા ફ્રાન્સને ત્રાસવાદી હુમલાનો સામનો કરવો પડ્યો ન હોત. સાથે સાથે તેમણે એમ પણકહ્યુ હતુ કે લંડનમાં છુરાબાજીની ઘટના એટલા માટે થાય છે કે ત્યાંના લોકો પાસે બંદુક નથી. ચિંતાની વાત એ છે કે જે દેશમાં બંદુક સંસ્કૃતિના કારણે પ્રતિ એક લાખની વસ્તી પર દર વર્ષે સરેરાશ ૨૩થી વધારે લોકો ઘાયલ થાય છે અને સરેરાશ ૧૦ લોકોના મોત થાય છે તે દેશના પ્રમુખ દુનિયાના દેશોમાં પણ બંદુક સસ્કૃતિને પ્રોત્સાહન આપવા ઈચ્છે તે શરમજનક નિવેદન છે. અમેરિકામાં સામાન્ય રીતે દર બીજી વ્યક્તિ પાસે ગન અથવા તો બંદુક છે. જેટલા લોકો ગનના કારણે નરસંહારનો શિકાર થાય છે તેના કરતા બે ગણા લોકો બન્દુક સરળ રીતે ઉપલબ્ધ થતા આત્મહત્યા કરી લે છે. આંકડા ચોક્કસપણે ચોંકાવનારા છે. છેલ્લા ૧૭ વર્ષના ગાળામાં અમેરિકી સ્કુલમાં ગન કલ્ચરના કારણે ૨૩ નરસંહાર થયા છે. એમ લાગે છે કે અમેરિકી પ્રમુખે આ દર્દનાક ઘટનાઓથી કોઈ પણ બોધપાઠ લીધા વગર આગળ વધવાની નીતિ અપનાવી છે. દરેક ભારતીય લોકો અમેરિકાની નિતીથી સામાન્ય રીતે પ્રભાવિત રહે છે. જેથી અમને વધારે સાવધાન રહેવાની જરૂર છે. થોડાક દિવસ પહેલા કસૌલીમાં એક અતિક્રમક ધારીએ અધિકારીની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હરિયાણામાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પ્રિન્સિપાલને ગોળી મારી દીધી હતી. આ વધતા ખતરાને સમજી લેવાની તાકીદની જરૂર છે. બન્દુકો વેચી દેવા માટેની રણનિતીને રોકવાની જરૂર છે. બર્બર કાવતરાને રોકવાની જરૂર છે. દરેક દેશ અને સમાજને સમજી લેવાની જરૂર છે કે હવે એવી કોઈ પ્રવૃતિ આગળ વધવી જોઈએ નહી જેના કારણે હથિયારોના વેચાણને પ્રોત્સાહન મળી શકે છે. અમેરિકાના હથિયારના પ્રેમ પર તમામ દેશો સાથે મળીને બ્રેક મુકે તે જરૂરી છે. અમેરિકાના વર્તનની ટિકા કરવા માટે પણ વિશ્વના દેશો આગળ આવે તે જરૂરી છે. શાંતિની ખાતરી કરવાની દિશામાં દેશો આગળ વધે તે જરૂરી છે. જેથી હથિયારોની જરૂર પડશે નહી.

# વધતી વયની રફ્તાર પર બ્રેક લાગશે

**ગ્રીન ટીમાં અનેક પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ અને પ્લાન્ટ કમ્પાઉન્ડ હોય છે જે લાંબા સમય સુધી સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થાય છે**

વધતી વયની રફતાર પર આવનાર સમયમાં બ્રેક મુકાશે. ૫૦ વર્ષ વયમાં પણ હવે જવાન રહી શકાશે. વૈજ્ઞાનિકોએ સૌથી સરળ રીત દર્શાવીને તમામને સાવધાન કર્યા છે. આરોગ્યને લઈને પરેશાન લાખો લોકો માટે સારા રાહત ભરેલા સમાચાર આવ્યા છે. લાંબી અને સ્વસ્થ વય કઈ રીતે મેળવી શકાય તે બાબત જાણવા માટે તમામ લોકો હમેંશા સાવધાન રહે છે. જીવનશેલી અને ભોજન કરવાની ખરાબ ટેવના કારણે કેટલાક પ્રકારની ગંભીર બિમારી જ લાગી રહી નથી બલ્કે સમય કરતા પહેલા મોટી વય તરફ પણ લોકો વધી રહ્યા છે. લોકો ઝડપથી મોટી વય તરફ વધી રહ્યા છે. જેના માટે કેટલાક કારણો રહેલા છે. આ ઉપરાંત પર્યાવરણમાં વધતા જતા પ્રદુષણના કારણે પણ લોકો વય કરતા પહેલા વૃદ્ધાવસ્થા તરફ વધી રહ્યા છે. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસ પરથી દાવો કરવામાં આવ્યો છે કે વ્યવહારિક અને પર્યાવરણીય કારકોના પરિણામસ્વરૂપે લોકોની સરેરાશ વય સતત ઘટી રહી છે. તો શુ આ તમામ બાબતોથી બચી શકાય છે.

આ પ્રશ્નનો જવાબ હા છે. વૈજ્ઞાનિકોએ અભ્યાસ દરમિયાન એક ખાસ પીણાની માહિતી મેળવી છે. જેનો ઉપયોગ કરીને તમે વધતી વયની રફતાર પર બ્રેક મુકી શકાય છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે ગ્રીન ટીનો ઉપયોગ કરવાની બાબત સૌથી ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેમાં કેટલાક પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ તેમજ પ્લાન્ટ કમ્પાઉન્ડ જોવા મળે છે. જે તમને લાંબા સમય સુધી સ્વસ્થ રાખવામાં સહાયક સાબિત થાય છે. સાથે સાથે સમય કરતા પહેલા વૃદ્ધાવસ્થાના લક્ષણોને પણ રોકવામાં મદદ કરે છે. ગ્રીન ટીનો ઉપયોગ માત્ર જવાન રાખવામાં જ મદદરૂપ સાબિત થતા નથી. સાથે સાથે તેના ઉપયોગથી શરીરને કેટલાક પ્રકારના ખાસ લાભ થાય છે. ગ્રીન લીને અભ્યાસમાં લાભદાયક હોવાની બાબતને સમર્થન મળ્યુ છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટીમાં કેટલાક પ્રકારના આરોગ્ય લાભ રહેલા છે. તે આપના લાંબા જીવનના સપનાને પણ પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. ગ્રીન ટીને એન્ટી ઓક્સીડન્ટ, વિટામિન સી અને અન્ય કેટલીક જરૂરી પૌષખ તત્વોના એક સમૃદ્ધ સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે. જે સ્કીનને સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. સાથે સાથે કેટલીક ગંભીર બિમારીની સામે પણ રક્ષણ આપે છે. ડાયાબિટીસ અને કેન્સર જેવી ગંભીર બિમારીમાં પણ ગ્રીન ટીના ઉપયોગ અંગે માહિતી મળી છે. ગ્રીન ટી સ્થુળતાને નિયંત્રિત કરવામાં ખાસ ભૂમિકા અદા કરે છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટી મેટાબોલિજમને વધારીને વજનને ઘટાડી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. વજનના નિયંત્રિત રહેવાથી કેટલાક ગંભીર બિમારીઓનો જોખમ ઓછા થઈ જાય છે. ગ્રીન ટીના ઉપયોગને શરીરની સાથે સાથે માનસિક આરોગ્ય માટે પણ લાભપ્રદ ગણવામાં આવે છે. ગ્રીન ટી કેફીન અને એન્ટી ઓક્સીડન્ટના એક મોટા સોર્સ તરીકે છે. જે મુડને વધારી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. ન્યુરો ડીજેનેરિટિવ રોગોના વિકાસના જોખમને ઘટાડી દેવાની સાથે સાથે ગ્રીન ટીનો ઉપયોગ માનસિક રોગના ખતરાથી સુરક્ષા આપવામાં મદદગાર સાબિત થાય છે. લાંબી વય માટે અન્ય કેટલાક ખાસ કામ કરી શકાય છે.

કેટલાક પ્રકારના કારણોસર લોકોની વય સતત ઘટી રહી છે. શોધમાં જાણવા મળ્યુ છે કે ભોજન અને જીવનશૈલીમાં સ્વસ્થ ફેરફાર કરીને શરીરને સ્વસ્થ રાખી શકાય છે. જે આપને લાંબા સમય સુધી જીવિત રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. આ ઉપરાંત શારરિક સક્રિયતા પણ ખબુ જરૂરી છે. લોકોમાં સમયની સાથે ઓછી થતી શારરિક ગતિવિધીના કારણે પણ કેટલાક પ્રકારના રોગ લાગુ થઈ જાય છે. જેના કારણે ઓછી વયમાં મૃત્યુ થવાનો ખતરો વધી જાય છે. વધતી વયને લઈને કેટલીક વખત જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. જો કે આ તારણ વધારે નક્કર છે.



**કોરોના વાયરસના કારણે કિંમતો ઘટી ગઇ છે : હાલમાં સારી તક**

**સંપત્તિને લઇને સલાહ આપનાર કંપની એનરોકના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે આગામી દિવસોમાં આવાસની કિંમતોમાં વધુ ઘટાડો થનાર છે આ કંપનીએ તેના રિપોર્ટમાં કહ્યુ છે કે આ વર્ષે દેશના સાત મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકા સુધીનો ઘટાડો થઇ શકે છે**

# ઘરના સપનાને પૂર્ણ કરવાની તક છે

**મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકાનો ઘટાડો થનાર છે તેવો રિપોર્ટ તો પહેલાથી જ આવી ચુક્યો છે : વૈશ્વિક મંદીના ભણકારા વાગી રહ્યા છે**

કોરોના વાયરસના કારણે એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ ખરાબ હતી અને કોરોના વાયરસના કારણે આ સેક્ટરની સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. સંપત્તિને લઈને સલાહ આપનાર કંપની એનરોકના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે આગામી દિવસોમાં આવાસની કિંમતોમાં વધુ ઘટાડો થનાર છે. આ કંપનીએ તેના રિપોર્ટમાં કહ્યુ છે કે આ વર્ષે દેશના સાત મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. કંપનીએ એક રિપોર્ટમાં કહ્યુ છે કે વૈપારિક સંપત્તિના વેચાણ પર તેની માઠી અસર જોવા મળી શકે છે. વેચાણમાં મંદીના કારણે કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થનાર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પટ્ટા પર ઓફિસ માટેની ગતિવિધીઓમાં ૩૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. રિટેલ ક્ષેત્રમાં ૬૪ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. એનરોક પ્રોપર્ટીના ચેરમેન અનુજ પુરીએ માહિતી આપતા કહ્યુ છે કે નરમ માંગ અને રોકડની ખરાબ સ્થિતીના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ



ખરાબ થયેલી છે. હવે કોરોના વાયરસના કારણે સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. તેના કારણે પ્રતિકુળ સ્થિતી સર્જાઇ ગઈ છે. વેચાણમાં ઘટાડાની અસર કિંમતો પર થનાર છે. આવનાર દિવસોમાં ઘરની કિંમતોમાં વધારે ઘટાડો થનાર છે. હાલમાં સમગ્ર દેશઆ મહામારીથી બહાર નિકળવા માટે મથામણ કરી રહ્યુ છે. પરંતુ જ્યારે સ્થિતી સામાન્ય બનશે ત્યારે ઘરની ખરીદી કરવા માટે ઈચ્છુક લોકો માટે એક શાનદાર સ્થિતી રહેનાર છે. રિઝર્વ બેંકે હાલમાં રેપો રેટમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો છે. કેટલીક બેંકો તો ગ્રાહકો સુધી તેના લાભને પહોંચાડી ચુક્યા છે. એવી અપેક્ષા પણ કરવામાં આવી રહી છે કે આવનાર દિવસોમાં રિઝર્વ બેંક હજુ વધારે ઘટાડો કરી શકે છે. જેના કારણે હોમ લોન ખુબ સસ્તી થઈ જશે. હોમ લોન પર પાંચ લાખ સુધી ટેક્સમાં છુટછાટનો લાભ લઈ શકાય છે. આ બજેટમાં ઘોષણો કરવામાં આવી હતી કે સેક્શષન ૮૦ ઈઈએ હેઠળ લોનના વ્યાજ પર ફેરચુકવણી પર ૧.૫ લાખની છુટછાટ અલગથી મળનાર છે. જો ઘરની કિંમત ૪૫ લાખ રૂપિયા છે તો તેના પર લાભ મળનાર છે. તે ઉપરાંત સેક્શન ૨૪બી હેઠળ વ્યાજ ફેરચુકવણી પર બે લાખની છુટછાટ પહેલાથી જ રહેલી છે. સાથે સાથે સેક્શન ૮૦ સી હેઠળ હોમ લોનની મુખ્ય રકમ પર ૧.૫ લાખની છુટછાટ રહેલી છે. સેક્શન ૮૦ ઈઈએનો લાભ લેવા માટેનવી તારીખને કોરોના વાયરસના કારણે વધારી દેવામાં આવી છે. પહેલા આ તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી હતી કોરોના વાયરસના કારણે દેશ અને દુનિયામાં અભૂતપૂર્વ સ્થિતી હાલમાં સર્જાયેલી છે. તમામ પ્રવૃતિઓ બિલકુલ ઠપ્પ થયેલી છે. તમામ પ્રકારના કારોબાર બંધ છે. રેલવે અને બસ પરિવહન જેવી સેવા પણ બંધ રાખવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં મંદીના ભણકારા વાગી રહ્યા છે. કેન્દ્ર સરકારના લોકો પણ લોકડાઉનના સંબંધમાં કેટલાક સંકેત આપી ચુક્યા છે. જો કે આગામી બે ત્રણ મહિના સુધી હાલમાં સ્થિતી હળવી બને તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.



**કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...**

**જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે. ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઈરાદા સાથે આગળ



વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઈ શકે છે. વિલ પાવરને અથવા તો ઈચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઈએ. કોઈ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઈએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઈ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફલોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે.



**હેલ્થ નોલેજ : ગ્લુકોજનુ પ્રમાણ વધારે જવાથી સ્થુળતા વધે છે**

**કેટલાક પોષક તત્વો બહાર નિકળી જાય છે ફળ, શાકભાજીના નિયમિત જ્યુસ લેવાની સ્થિતીમાં પાચનતંત્ર પણ સુસ્ત બની જાય છે ગ્લુકોજની પ્રમાણ વધારે પ્રમાણમાં આવવાના કારણે સ્થુળતા વધવા લાગી જાય છે બ્લડશુગર પણ વધવા લાગી જાય છે**

# જ્યુસથી આ પોષક તત્વ મળતા નથી

**ટાઇપ બે ડાયાબિટીસની શંકા રહે છે : ફ્રક્ટોજનુ પ્રમાણ વધારે રહેવાથી સ્થુળતા વધી શકે છે : કિડનીના દર્દી જ્યુસ ટાળે તે જરૂરી છે**

જ્યુસ પીવાની સલાહ તો તમામ તબીબો અને નિષ્ણાંતો આપે છે પરંતુ તમામ લોકોને આ અંગે માહિતી નથી કે જ્યુસ પીવાથી કેટલાક જરૂરી પોષક તત્વો મળતા નથી. ગરમીમાં વધારે તરસ લાગે છે. થાક પણ વધારે લાગે છે. આવી સ્થિતીમાં પાણી અથવા તો જ્યુસ પીવા અથવા તો પ્રવાહી ચીજવસ્તુઓ લેવા માટેની સલાહ આપવામાં આવે છે. આના કારણે શરીરમાં પ્રવાહી સ્થિતી બની રહે છે. થાક, કમજોરી, અને લુથી બચાવ થાય છે. જ્યુસ આરોગ્ય માટે ખુબ ફાયદાકારક છે. પરંતુ કેટલાક પોષક તત્વો બહાર નિકળી જાય છે. ફળ, શાકભાજીના નિયમિત જ્યુસ લેવાની સ્થિતીમાં પાચનતંત્ર પણ સુસ્ત બની જાય છે. ગ્લુકોજની પ્રમાણ વધારે પ્રમાણમાં આવવાના કારણે સ્થુળતા વધવા લાગી જાય છે. બ્લડશુગર પણ વધવા લાગી જાય છે. જેના કારણે ડાયાબિટીસના રોગીને નુકસાન થાય છે.

ખુબ ઓછા લોકોને આ અંગેની પણ માહિતી છે કે કેટલાક ફળન છાળમાં ફાઈટો ન્યુટ્રીશન હોય છે. જે જ્યુસમાં મળી શકતા નથી. જાણકાર લોકો કહે છે કે એક સ્વસ્થ વ્યક્તિ ૧૦૦-૧૫૦ મિલી જ્યુસ પી શકે છે. મોટા ભાગના ફળ, શાકભાજી અને અનાજમાં ફાઈબર્સ હોય છે. ફળ અને શાકભાજીને જ્યુસ તરીકે લેવાથી ફાઈબર્સ બહાર રહી જાય છે. જે પાચન માટે યોગ્ય નથી. જ્યારે અમે ફળના રસનો ઉપયોગ કરીએ છીએ



ત્યારે ફ્રકટોજ ઝડપથી લોહીમાં ભળી જાય છે. લોહીમાં ખાંડનુ પ્રમાણ વધી જવાના કારણે બિનજરૂરી ઈન્સુલિન સ્ત્રાવ થાય છે. જે ખાંડના પ્રમાણને નિયંત્રિત કરે છે. વારંવાર આવુ થવાની સ્થિતીમાં ટાઈપ બે ડાયાબિટીસ થવાનો ખતરો રહે છે. તેમાં ફ્રકટોજનુ પ્રમાણ વધારે હોવાથી સ્થુળતા વધી શકે છે. કિડનીના દર્દીઓને આ પ્રકારની તકલીફ ટાળવાની જરૂર હોય છે. કિડનીના દર્દીઓને જ્યુસ લેવાનુ ટાળવાની સલાહ નિષ્ણાંત તબીબો આપે છે.તાજેતરમાં જ કરવામાં આવેલાં નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજો ખાવાથી હાર્ટ સાથે સંબંધિત રોગોથી મૃત્યુ થવાની સંભાવના ઘટી જાય છે. કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ (સીવીડી)થી મોતની ટકાવારીમાં આનાં લીધે ઘટાડો થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ અથવા તો શાકભાજીનો ઉપયોગ કરવામાં આવેતો સીવીડીથી મોતનો દર ઘટીને અડધો થઈ જાય છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયકોલોજીનાં પ્રોફેસર સિમોન કેપવેલે કહ્યું છે કે, બિનઆરોગ્યપ્રદ ખાવાની ટેવ હમેંશા ખતરનાક સાબિત થાય છે. આનાં લીધે રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે. સીવીડી સામે લડવા માટે આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ જરૂરી છે. વ્યક્તિગતો અને વસતીનાં સ્તરમાં સીવીડી સંબંધિત મોતને રોકવા હેલ્થી ઈટિંગની ટેવ રાખવી જોઈએ. યુનિવર્સિટી ઓફ લિવરપુલ દ્વારા કરવામાં આવેલાં અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પોષક તત્વો વગરના ભોજનથી સીવીડીનો ખતરો વધે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધારે પ્રમાણમાં ફળફળાદિ, શાકભાજી ખાવાથી બિમારી દૂર થાય છે. ડાયટને સંતુલિત રાખવામાં આવે તેવી રજૂઆત પણ આમાં કરવામાં આવી છે. આ અભ્યાસનાં તારણો બ્રિટિશ મેડિકલ જનરલમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ફળફળાદી, શાકભાજી વધારે પ્રમાણમાં ખાનાર વ્યક્તિમાં વૈશ્વિક સ્તરે સીવીડીથી મોતનો આંકડો ૨.૬ મિલિયન જેટલો ઘટી જાય છે.

કોઈ પણ પ્રકારની બિમારીમાં મોટા ભાગના તબીબો જ્યુસ લેવાની સલાહ આપે છે. કારણ કે તેમાં પુરતા પ્રમાણમાં પોષક તત્વો રહેલા છે. પરંતુ કેટલાક પ્રકારના ફ્રુટમાં પોષક તત્વો રહી જાય છે. આવી સ્થિતીમાં આ ફળફળાદીના રસનો ઉપયોગ કરવાથી પણ કોઈ ફાયદો થતો નથી. જરૂરી ફાઈબર્સ બહાર રહી જવાના કારણે નુકસાન થાય છે. કિડની રોગી અને અન્ય પ્રકારના કેટલાક દર્દીને જ્યુસને ટાળવાની સલાહ તબીબો આપે છે. કારણ કે આના કારણે ડાયાબિટીસની શંકા વધી જાય છે. ફળફળાદી અને જ્યુસને લઈને લઈને કેટલીક બાબતો સામાન્ય લોકો જાણતા નથી. કેટલાક ફળ પૂર્ણ રીતે ખાવાથી વધારે ફાયદો થાય છે. કારણ કે તેમાં તમામ પોષક તત્વ હોય છે.



# Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# સરકારે ૨૦ વર્ષ જૂના વાહનોની રજિસ્ટ્રેશન ફીમાં કર્યો બમણો વધારો

। નવી દિલ્હી, તા.૨૭ ।

દેશમાં હવે ૨૦ વર્ષથી જૂની ગાડીઓનું રજિસ્ટ્રેશન રિન્યુ કરવાનો મોંઘું થઈ ગયું છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રિન્યુઅલ ફીમાં નોંધપાત્ર વધારો કરતો નવો આદેશ જારી કર્યો છે. સરકારનો ઉદ્દેશ્ય એ છે કે, લોકો સ્વેચ્છાએ તેમના જૂના વાહનોને સ્ક્રેપ કરે અને રસ્તા પર પ્રદૂષિત વાહનોની સંખ્યા ઘટાડે. નવા નિયમો હેઠળ, હવે લાઈટ મોટર વ્હીકલથી લઈને આયાતી વાહનો સુધી નોંધણી રિન્યુઅલ પર મોટી રકમ ચૂકવવી પડશે.૨૦ વર્ષ જૂના લાઈટ મોટર વ્હીકલ હવે, આયાતી ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલરના રજિસ્ટ્રેશન રિન્યુઅલ પર ૨૦ હજાર રૂપિયા ફી ચૂકવવી પડશે. જ્યારે ફોર-વ્હીલર અથવા મોટા આયાતી વાહનો પર ૮૦ હજાર રૂપિયા ફી ચૂકવવી પડશે. આ નિર્ણય હેઠળ, સરકારે ફેબ્રુઆરી ૨૦૨૫માં સુધારાનો મુસદ્દો જાહેર કર્યો હતો, જેને ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ના રજિસ્ટ્રેશન રિન્યુઅલ ફી હવે ૫૦૦૦ રૂપિયાથી વધારીને ૧૦ હજાર કરી દીધી છે. આવી જ રીતે, ટુ-વ્હીલર વાહનો માટે રિન્યુઅલ ફી ૧૦૦૦ રૂપિયાથી વધારીને રૂ. ૨૦૦૦ અને થ્રી-વ્હીલર વાહનો અને ક્વાડ્રિસાઈકલ માટે આ ફી ૩૫૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. દેશમાં હવે ૨૦ વર્ષથી જૂની ગાડીઓનું રજિસ્ટ્રેશન રિન્યુ કરવાનો મોંઘું થઈ ગયું છે. આ અગાઉ ઓક્ટોબર ૨૦૨૧માં પણ સરકારે વાહન રજિસ્ટ્રેશન અને રિન્યુઅલ ફીમાં વધારો કર્યો હતો.

### ચૂંટણી પહેલા નીતિશની મોટી ભેટ

# શાળા પૂરના પાણીમાં ગરકાવ થઈ જતાં ૪૦૦ વિદ્યાર્થીઓ ફસાયા

## એનડીઆરએફ અને આર્મીની ટીમો રવાના : પંજાબમાં આફત

**દબૂરીમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલયના પ્રિન્સિપાલની બેદરકારીને કારણે લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ ૪-૫ ફૂટ પાણીમાં ફસાયા । પંજાબ સરકારે ભારે વરસાદને કારણે શાળાઓમાં રજા જાહેર કરી હોવા છતાં**

। પંજાબ, તા.૨૭ ।

પંજાબ સરકારે ભારે વરસાદને કારણે શાળાઓમાં રજા જાહેર કરી હોવા છતાં, દીનાનગરના ગામ દબૂરીમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલયના પ્રિન્સિપાલની બેદરકારીને કારણે લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ ૪-૫ ફૂટ પાણીમાં ફસાયા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સ્થાનિક પ્રશાસન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને જાણ કરવામાં આવી છે. જોકે પ્રિન્સિપાલનું કહેવું છે કે બધા સુરક્ષિત છે. બાળકોને બચાવવા માટે ટીમોએ કામ શરુ કરી દીધું છે. ડીસીએ જણાવ્યું કે, રહેણાંક વિસ્તારમાં આવેલી શાળામાં મોટી સંખ્યામાં બાળકો અને શિક્ષકો ફસાયેલા છે, જેમાં લગભગ ૪૦૦ બાળકોનો સમાવેશ થાય છે. બાળકોને સુરક્ષિત બહાર કાઢવા માટે ફ્રઢઈહ્લ સહિત પ્રશાસનની અન્ય ટીમો મોકલવામાં આવી છે.મુખ્યમંત્રી દ્વારા



૨૬ ઑગસ્ટે ભારે વરસાદને કારણે રાજ્યની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. આ આદેશ છતાં, દબૂરીની નવોદય વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને બોલાવાયા અને શાળા પ્રશાસને તેમને બહાર જવા દીધા નહીં. સતત વરસાદને લીધે શાળાની આસપાસ પાણી ભરાયું, જેના કારણે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ અંદર ફસાયા.

સ્થાનિક ગ્રામીણોએ જણાવ્યું કે શાળાની આસપાસના રસ્તાઓ અને ગલીઓમાં પણ પાણી ભરાયેલું છે, જેનાથી રાહત અને બચાવ કાર્યમાં અવરોધ આવી રહ્યો છે. કેટલાક વાલીઓ સ્થળ પર પહોંચ્યા, પરંતુ પાણીની સ્થિતિને કારણે તેઓ પણ પોતાના બાળકો સુધી પહોંચી શક્યા નહીં. પંજાબ સરકારે ભારે વરસાદને કારણે શાળાઓમાં રજા જાહેર કરી હોવા છતાં, દીનાનગરના ગામ દબૂરીમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલયના પ્રિન્સિપલની બેદરકારીને કારણે લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ ૪-૫ ફૂટ પાણીમાં ફસાયા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સ્થાનિક પ્રશાસન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને જાણ કરવામાં આવી છે. જોકે પ્રિન્સિપાલનું કહેવું છે કે બધા સુરક્ષિત છે. બાળકોને બચાવવા માટે ટીમોએ કામ શરુ કરી દીધું છે. ડીસીએ જણાવ્યું કે, રહેણાંક વિસ્તારમાં આવેલી શાળામાં મોટી સંખ્યામાં બાળકો અને શિક્ષકો ફસાયેલા છે, જેમાં લગભગ ૪૦૦ બાળકોનો સમાવેશ થાય છે. બાળકોને સુરક્ષિત બહાર કાઢવા માટે એનડીઆરએફ સહિત પ્રશાસનની અન્ય ટીમો મોકલવામાં આવી છે.મુખ્યમંત્રી દ્વારા ૨૬ ઑગસ્ટે ભારે વરસાદને કારણે રાજ્યની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી.

## કોલકાતાનામાં શંકાસ્પદ સંજોગોમાં ત્રણ લોકોના મોત

। કોલકતા, તા.૨૭ ।

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ત્રણ સનસનાટીભર્યા બનાવો પ્રકાશમાં આવ્યા છે. દક્ષિણ કોલકાતાના આનંદપુર વિસ્તારમાં ત્રણ લોકોના રહસ્યમય રીતે મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. પોલીસે મંગળવારે આ માહિતી આપી. પહેલી ઘટનામાં, ઈસ્ટર્ન મેટ્રોપોલિટન બાયપાસ પાસેના એક ગેસ્ટ હાઉસમાં એક બાર ડાન્સર બેભાન હાલતમાં મળી આવી હતી અને તેની સાથે આવેલા વ્યક્તિ તેને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ડોકટરોએ સોમવારે તેણીને મૃત જાહેર કરી હતી.ગેસ્ટ હાઉસના સ્ટાફે જણાવ્યું હતું કે બંને રવિવારે સાંજે આવ્યા હતા. પોલીસ તેને ડ્રગ્સ સંબંધિત કેસ તરીકે તપાસ કરી રહી છે અને પ ોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે. પોલીસે આ ત્રણેય ઘટનાઓની તપાસ શરૂ કરી છે.બીજી ઘટનામાં, સોમવારે આનંદપુરના એક પિકનિક સ્પોટ પર લગભગ ૫૦ વર્ષના એક પુરુષનો સડેલો મૃતદેહ ઝાડ પર લટકતો મળી આવ્યો હતો. સ્થાનિક માછીમારોને દુર્ગંધ આવતાં તેઓએ પોલીસને આ અંગે જાણ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ કેસમાં પ્રથમ દ્રષ્ટિએ આત્મહત્યાની શંકા છે પરંતુ તમામ પાસાઓ ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે.ત્રીજી ઘટનામાં, નોનાડાંગા વિસ્તારના આદર્શનગરમાં એક ઘરમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો.

### ૩.૩૭ કરોડ રૂપિયાની નકલી દવા જપ્ત

# ચેન્નાઇથી નેપાળ સુધી નકલી દવાઓની સિન્ડીકેટ : રૂ.૪૫૦ કરોડનું ટર્નઓવર

**અગ્રવાલના ગોડાઉનમાંથી મોટા પ્રમાણમાં દવાઓ પકડવામાં આવી હતી । એસટીએફએ લાંચના એક કરોડ રૂપિયા સાથે દવાના વેપારી હિમાંશુ અગ્રવાલની ધરપકડ કરી**

। આગ્રા, તા.૨૭ ।

નકલી દવા સિંડિકેટનો પર્દાફાશ થયા પછી અનેક તથ્યો સામે આવ્યા છે. લાંચના એક કરોડ રૂપિયાની સાથે એસટીએફ દ્વારા ધરપકડ કરાયેલા દવાના વેપારી હિમાંશુ અગ્રવાલની પૂછપરછમાં સામે આવ્યું છે કે નકલી દવાની સિંડિકેટ ચેન્નાઈથી નેપાળ સુધી ફેલાયેલી છે. દક્ષિણના એક મોટા દવા માફિયાની સાથે મળી આગ્રાના દવા માફિયા નકલી દવા તૈયાર કરી નેપ ાળ, બાંગ્લાદેશ સહિત ૧૨ દેશોમાં સપ્લાય કરી રહ્યાં હતાં. શુક્રવાર રાતે લખનઉની કંપનીના નામે ૧૦ લાખના બિલ પર પુડુચેરીની કંપનીનું ૮૭ લાખ રૂપિયાની નકલી દવાઓ મોકલવામાં આવી હતી. સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને દવા વિભાગની ટીમે ૩.૩૭ કરોડ રૂપિયાની નકલી દવા જપ્ત કરી છે.લખનઉ સ્થિત એસટીએફ હેડ કવાર્ટસને આગ્રા



હોલસેલ દવા બજારમાં મલ્ટીનેશનલ કંપનીઓ સહિત ૬ કંપનીઓના નામે નકલી દવાઓ વેચવાની ફરિયાદ મળી હતી. બે મહિનાથી એસટીએફ અને દવા વિભાગની ટીમ સંપૂર્ણ બિઝનેસ નેટવર્કના તાર શોધવામાં વ્યસ્ત હતી.

ટીમને માહિતી મળી હતી કે ચેન્નાઈથી ટ્રેન દ્વારા આવેલ નકલી દવાઓનો જથ્થો રીક્ષાથી બંસલ મેડિકલ અને હે મા મેડિકલ સ્ટોર મોકલવામાં આવી રહી છે. ટીમે રીક્ષાચાલકની પૂછપરછ કરી હતી.

ત્યારબાદ બંને મેડિકલ સ્ટોર અને તેના ગોડાઉન સીલ કરી દેવામાં આવ્યા હતાં. શનિવાર સવારે ટીમે હે મા મેડિકોમાંથી મોટા પ્રમાણમાં નકલી દવાઓ પકડી હતી. સંચાલક હિમાંશુ અગ્રવાલે કાર્યવાહી રોકવા માટે એસટીએફને એક કરોડ રૂપિયાની લાંચની ઓફર કરી હતી.

હિમાંશુ અગ્રવાલ બેગમાં ૫૦૦-૫૦૦ રૂપિયાની નોટોના બંડલ ભરેલી ત્રણ બેગ લઈને બાઈકથી આવી પ હોંચ્યો હતો. ટીમે તે જ સમયે તેની ધરપકડ કરી લીધી હતી. મોડી રાત સુધી મશીનથી નોટોની ગણતરી ચાલુ રહી હતી.

પૂછપરછ પછી હિમાંશુ અગ્રવાલના ગોડાઉનમાંથી મોટા પ્રમાણમાં દવાઓ પકડવામાં આવી હતી. આસિસ્ટન્ટ ડ્રગ્સ કમિશનરે જણાવ્યું હતું કે સંચાલક હિમાંશુની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે મીનાક્ષી ફાર્મા, પુડુચેરીના ૧૦ લાખ રૂપિયાના બિલની સાથે ચેન્નાઈથી નકલી એલેગ્રા-૧૨૦ એમજી આગ્રા કેન્ટ સ્ટેશન પર મોકલવામાં આવી હતી. પુડુચેરીમાં મોટી સંખ્યામાં દવા બનાવવાની ફેકટરી છે જેમાં નકલી દવા બનાવવામાં આવે છે.

**દિલ્હી યુનિ.એ સીઆઈસીનો આદેશ પડકાર્યો હતો**

## મોદીની ડિગ્રી : સીઆઈસીનો આદેશ હાઇકોર્ટે ફગાવ્યો

। નવી દિલ્હી, તા.૨૭ ।

દિલ્હી હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્નાતકની ડિગ્રી જાહેર કરવા સીઆઈસીએ આપેલા આદેશને કોરાણ મૂકી દીધો છે. આ માટે આ વ્યક્તિગત માહિતી હોવાનું કારણ આપ્યું છે. તેની સાથે આ પ્રકારની માહિતી વ્યાપક પાયા પરની જાહેર હિતની માહિતી હોવાની વાત પણ નકારી કાઢી છે. આ કેસ પર ૨૭મી ફેબ્રુઆરીના રોજ ચુકાદો અનામત રાખનારા ન્યાયાધીશ સચિન દત્તા સીઆઈસીના આદેશને પડકારતી દિલ્હી યુનિવર્સિટીની અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. જજે જણાવ્યું હતું કે લોકોને કશામાં રસ હોવો તે જુદી બાબત છે અને જાહેરહિત હોવાનું જુદી બાબત છે.નીરજ નામની વ્યક્તિએ કરેલી આરટીઆઈ અરજીના પગલે સીઆઈસીએ ૨૧ ડિસેમ્બર ૨૦૬ના રોજ ૧૯૭૮માં બીએની પરીક્ષા પાસ કરનારા બધા જ વિદ્યાર્થીઓના રેકોર્ડ્સની ચકાસણી કરવાનો આદેશ આપ્યો હતો. આ વર્ષે વડાપ્રધાન મોદીએ પણ પરીક્ષા પાસ કરી હતી. હાઈકોર્ટે ૨૩ જુલાઈ ૨૦૧૭ના આદેશ પર મનાઈહુકમ આપ્યો હતો. સોમવારે ચુકાદામાં જણાવાયું હતું કે આરટીઆઈ અરજી હેઠળ જે માહિતી માંગવામાં આવી છે તે વ્યાપક જાહેરહિતમાં નથી અને જણાવ્યું હતું કે કોઈપણ જાહેર હોદ્દો સંભાળવા માટે કોઈપણ પ્રકારનો માપદંડ કાયદાકીય જરુરિયાત નથી અથવા તેના આધારે તેને સત્તાવાર જવાબદારીથી દૂર ન કરી શકાય. દિલ્હી હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્નાતકની ડિગ્રી જાહેર કરવા સીઆઈસીએ આપેલા આદેશને કોરાણ મૂકી દીધો છે. આ માટે આ વ્યક્તિગત માહિતી હોવાનું કારણ આપ્યું છે. તેની સાથે આ પ્રકારની માહિતી વ્યાપક પાયા પરની જાહેર હિતની માહિતી હોવાની વાત પણ નકારી કાઢી છે. આ કેસ પર ૨૭મી ફેબ્રુઆરીના રોજ ચુકાદો અનામત રાખનારા ન્યાયાધીશ સચિન દત્તા સીઆઈસીના આદેશને પડકારતી દિલ્હી યુનિવર્સિટીની અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. જજે જણાવ્યું હતું કે લોકોને કશામાં રસ હોવો તે જુદી બાબત છે અને જાહેરહિત હોવાનું જુદી બાબત છે.

## ન્યૂઝ બ્રિફ



### સલમાનને ટેકો આપવા બદલ મને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી : કુનિક્કા

। મુંબઇ, તા.૨૭ ।

બિગ બોસ ૧૯ શરૂ થઈ ગયું છે. શોની સ્પર્ધક બનેલી કુનિક્કા સદાનંદ કહે છે કે ઘરમાં મારા માટે સૌથી મુશ્કેલ કામ મારી લાગણીઓને કાબૂમાં રાખવાનું રહેશે. તેણીએ એમ પણ કહ્યું કે તે હંમેશા પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે આપે છે અને બિગ બોસના ઘરમાં પણ તે પોતાનું વાસ્તવિક વ્યક્તિત્વ જાળવી રાખશે. અમર ઉજાલા સાથેની વાતચીતમાં કુનિકાએ પોતાની રણનીતિ અને બિગ બોસના ઘર વિશે વાત કરી હતી. મારા માટે બિગ બોસનો સૌથી મુશ્કેલ ભાગ લાગણીઓને નિયંત્રિત કરવાનો રહેશે. મને ઘરના કામકાજ, રસોઈ, સફાઈ, કાર્યો કરવામાં ક્યારેય કોઈ સમસ્યા આવી નથી. હું આ બધું સરળતાથી કરી શકું છું. પરંતુ લાગણીઓ, આ મારી સૌથી મોટી નબળાઈ તેમજ મારી સૌથી મોટી શક્તિ હોઈ શકે છે. મારે ત્યાં રહીને મારી લાગણીઓ પર વિજય મેળવવો પડશે. મને લાગે છે કે આ મારી સૌથી મોટી કસોટી હશે.તમે તમારા સ્પષ્ટવક્તા મંતવ્યો માટે જાણીતા છો, અને તેના કારણે તમે વિવાદોમાં પણ રહ્યા છો. શું તમે ઘરની અંદર પણ એ જ સ્પષ્ટવક્તા શૈલી જાળવી રાખશો?

મેં પહેલા પણ કહ્યું છે અને ફરીથી કહી રહ્યો છું કે, હું સ્પષ્ટવક્તા છું અને હું હંમેશા મારો વાસ્તવિક સ્વ રહીશ. આ એક આદત છે જે લાંબા સમયથી વિકસિત થઈ છે. હવે, પ્લાસ્ટર ઓફ પેરિસની જેમ, મારું વ્યક્તિત્વ પણ મજબૂત બની ગયું છે. હવે મને બદલવું અશક્ય છે. હું ઝઘડાથી ભાગી જનારાઓમાંથી નથી કે ડરી જનારાઓમાંથી નથી, પરંતુ હા, હું એવા લોકોમાંથી પણ નથી જે કોઈ કારણ વગર વિવાદ ઉભા કરે છે.

## બિહારના 'ઈન્ડિયા' બ્લોકમાંથી મુખ્યમંત્રી પદ માટે તેજસ્વી સંભવિત ઉમેદવાર છે

। પટણા, તા.૨૭ ।

આગામી થોડા મહિનામાં બિહારમાં વિધાનસભા ચૂંટણી થવાની છે. તમામ રાજકીય પક્ષોએ ચૂંટણી જાહેર સભાઓ અને સભાઓનો દોર શરૂ કરી દીધો છે. આવી સ્થિતિમાં, ફરી એકવાર ચર્ચા થઈ રહી છે કે આ વખતે બિહારમાં વિપક્ષ તરફથી મુખ્યમંત્રીનો ચહેરો કોણ હશે? ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) લિબરેશનના મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) ના નેતા તેજસ્વી યાદવ બિહારમાં ઈન્ડિયા બ્લોકના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર હોવાના પૂરતા સંકેતો છે, જોકે હજુ સુધી ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી. એક પ્રેસ કોન્ફરન્સમાં આરજેડી નેતાએ સ્પષ્ટપણે રાહુલ ગાંધીને 'આગામી પ ીએમ' ઉમેદવાર તરીકે રજૂ કર્યા હોવા છતાં, તેજસ્વી યાદવને મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે રજૂ કરવામાં ગાંધીના ઉદાસીન અભિગમ અંગેના પ્રશ્નના જવાબમાં ભટ્ટાચાર્યએ આ ટિપ્પણી કરી હતી."હોશિયાર લોકો સંકેતો વાંચી શકે છે. ગઈકાલે જ, તમે રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવને 'મતદાર અધિકાર યાત્રા' દરમિયાન મોટરસાયકલ પર સાથે-સાથે સવારી કરતા જોયા હતા," સીપીઆઈ (એમએલ) લિબરેશનના નેતાએ કટાક્ષ કર્યો.

## સની દેઓલે આર્યન ખાનના ડેબ્યૂ શો માટે પ્રશંસા કરી,'ઓલ ધ બેસ્ટ સન, ચક દે ફટ્ટે'

। મુંબઇ, તા.૨૭ ।

બોલિવૂડના બાદશાહ શાહરુખ ખાનનો પુત્ર આર્યન ખાન ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. તે ડિરેક્ટર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી રહ્યો છે. તાજેતરમાં તેના ડેબ્યૂ શો 'બેડ્સ ઓફ બોલિવૂડ'નો પ્રીવ્યૂ વીડિયો બહાર આવ્યો છે. સની દેઓલે આર્યનને તેના પહેલા શો માટે અભિનંદન આપ્યા છે.

સની દેઓલે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. તેણે 'બેડ્સ ઓફ બોલિવૂડ'નો પ્રીવ્યૂ વીડિયો શેર કર્યો છે અને લખ્યું છે, 'ડિયર, આર્યન... તારો શો અદ્ભુત છે! બોબે તારી ખૂબ પ્રશંસા કરી છે.

## બિહારમાં મંત્રી ઉપર જીવલેણ હુમલો । ગ્રામીણોએ અનેક કિ.મી. ભગાડ્યા

। નાલંદા, તા.૨૭ ।

બિહારના નાલંદા જિલ્લામાં ગામડાના લોકોએ નીતિશ સરકારના ગ્રામીણ વિકાસ મંત્રી અને જેડીયુ નેતા શ્રવણ કુમારના કાફલા પર હુમલો કરી દીધો હતો. જેમાં તેમનો બોડીગાર્ડ ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે. આ ઘટના હિલસા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મલાવા ગામે બની હતી. અહીં ગ્રામીણ વિકાસ મંત્રી માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા ૯ લોકોના પરિજનોને મળવા ગયા હતા. આ દરમિયાન જ તેમના કાફલા પર અચાનક હુમલો થયો હતો. ગામના લોકોએ તેમને અને તેમના કાફલાનો એક કિમી સુધી પીછો કર્યો હતો. જેમને મારીને ગામમાંથી ભગાડ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગામમાં સુરક્ષા વધારવામાં આવી છે.મંત્રી શ્રવણ કુમાર બે દિવસ પહેલાં માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા નવ લોકોના પરિવારજનોને સાંત્વના પાઠવવા ગામમાં આવ્યા હતાં. તેઓ સ્થાનિક ધારાસભ્ય પ્રેમ મુખિયા સાથે ગામમાં પહોંચ્યા હતા. જ્યાં અડધા કલાક બાદ અસામાજિક તત્વોએ અચાનક હુમલો કર્યો હતો. ઘટના બાદ મંત્રી અને ધારાસભ્ય ઘટનાસ્થળેથી ભાગ્યા હતા. અનેક સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા છે. સૂચના મળતાં જ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળે પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. બિહારના નાલંદા જિલ્લામાં ગામડાના લોકોએ નીતિશ સરકારના ગ્રામીણ વિકાસ મંત્રી અને જેડીયુ નેતા શ્રવણ કુમારના કાફલા પર હુમલો કરી દીધો હતો.

## યુપી ચૂંટણીએ સપાના તમામ જિલ્લા અને વિધાનસભા પ્રભારીઓને હટાવ્યા

। લખનૌ, તા.૨૭ ।

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પ ાર્ટીના સંગઠનમાં મોટો ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યા છે. પાર્ટીએ યુપીના તમામ જિલ્લા અને વિધાનસભા ક્ષેત્રોના તમામ પ્રભારીઓને હટાવી દીધા છે. આગામી વર્ષે યુપીમાં યોજાનારી પંચાયત ચૂંટણી અને ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી પહેલા, અખિલેશ યાદવ પાર્ટી સંગઠનને વધુ કાર્યક્ષમ બનાવવા માંગે છે.પાર્ટીના નેતાઓ કહે છે કે જિલ્લા અને વિધાનસભા પ્રભારીઓ જે હવે ત્યાં હતા. તેમને અલગ અલગ સમયે અલગ અલગ કાર્યો માટે બનાવવામાં આવ્યા હતા. પાર્ટીના "અપના બૂથ કરો મજબૂત" અભિયાન દરમિયાન ઘણા બધા પ્રભારીઓ બનાવવામાં આવ્યા હતા. તેમાંથી ઘણાને દૂર કરવામાં આવ્યા છે. તે જ સમયે, કેટલાક નેતાઓની ફરિયાદો અખિલેશ યાદવ સુધી પહોંચી છે.સૂત્રો કહે છે કે અખિલેશ યાદવ આમાંના ઘણા પ્રભારીઓથી ખુશ નહોતા. અખિલેશ યાદવ ઈચ્છે છે કે જિલ્લા પ્રભારી હોય કે વિધાનસભા પ્રભારી, એવો નેતા બનાવવામાં આવે જે મજબૂતાઈથી કામ કરે. હવે સમાજવાદી પાર્ટી નવા જિલ્લા અને વિધાનસભા પ્રભારીઓ બનાવીને યાદી જાહેર કરશે.

**અનેક ટ્રેનો રદ** | **૧૪ ઘાયલ, મૃતકોમાં વૈષ્ણોદેવી માર્ગ પર ભૂસ્ખલનની ચપેટમાં આવેલા ૬ તીર્થયાત્રીઓ પણ સામેલ, વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત**

# જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટતાં પૂરથી ભારે તારાજી : ૧૦નાં મોત

। જમ્મુ-કાશ્મીર, તા.૨૭ ।

: જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદને કારણે ઉંચાઈવાળા વિસ્તારો પરથી પથ્થરો, વૃક્ષો અને ખડકો નીચે પડતા ૧૦ લોકોનાં મોત થયા છે. જેમાં વૈષ્ણો દેવી માર્ગ પર ભૂસ્ખલનની ચપેટમાં આવેલ ૬ તીર્થયાત્રીઓ પણ સામેલ છે. સતત વરસાદને કારણે જમ્મુની સાથે કાશ્મીર ખીણમાં પણ નુકસાન થયું છે. અચાનક પૂર, ભૂસ્ખલનને કારણે વૈષ્ણો દેવી મંદિરની યાત્રા સ્થગિત કરી દેવામાં આવી છે. પુલ તૂટી પડવા, મોબાઈલ ટાવર અને વીજળીના થાંભલાઓ નીચે પડી જતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાન થયું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેન્દ્ર શાસિત પ્રદેશના મોટા



ભાગના વિસ્તારોમાં ટેલિકોમ સેવાઓ ઠપ થઈ જતાં લોકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો.મંગળવારે નદીઓ છલકાઈ જવા અને પાણીના શક્તિશાળી પ્રવાહના માર્ગમાં આવેલી તમામ વસ્તુઓ તણાઈ જવાની ઘટનાઓ જોવા મળી હતી. તેમણે જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર અને કિશ્તવાડ-ડોડા નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. ભૂસ્ખલન અને પૂરને કારણે પર્વતીય માર્ગોને નુકસાન થતાં બ્લોક કરી દેવામાં આવ્યા છે. જમ્મુથી આવતી અને જતી અનેક ટ્રેનો રદ કરવામાં આવી હતી. ત્રિકુટા પર્વત પર આવેલા માતા વૈષ્ણો દેવી મંદિર સુધી જતા માર્ગ પર બપોરે ૩ વાગ્યે ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછા ૭ લોકોનાં મોત થયા છે. ૧૪ લોકો ઘાયલ થયા છે. મૃતકોની સંખ્યા હજુ પણ વધવાની શક્યતા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર હજુ પણ કેટલાક લોકો કાટમાળમાં ફસાયા હોવાની શંકા છે. જમ્મુ પ્રાંતના ડોડા જિલ્લામાં વરસાદ આધારિત ઘટનાઓમાં અન્ય ચાર લોકોનાં મોત થયા હતાં. મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાહે રાજ્યની સ્થિતિને ગંભીર ગણાવી છે. તરાના, ઉજ્હ, તવી અને ચિનાબ નદીઓ ભયજનક સ્તરથી ઉપર વહી રહી હોવાથી પોલીસ અને સિવિલ સત્તાવાળાઓએ આસપ ાસના લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવાની અપીલ કરી છે. બીજી તરફ હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનને કારણે દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. બિલ્ડિંગો ધરાશયી થઈ હતી અને હાઈવે બંધ કરી દેવામાં આવ્યા હતાં. રાજ્યમાં ૬૯૦ રોડ બંધ કરી દેવામાં આવ્યા છે.

# જળસ્તર વધતાં ડેમમાંથી પાણી છોડાયું : ભારતે માનવતાના ધોરણે પાકિસ્તાનને ત્રીજી વખત આપ્યું એલર્ટ





ભારતે ફરી એકવાર માનવતાનું ઉદાહરણ પૂરું પાડતાં પાડોશી દેશ પાકિસ્તાનને પૂરના સંભવિત ખતરા અંગે ચેતવણી આપી છે. આ ચેતવણી બાદ પાકિસ્તાની પ્રશાસને તાત્કાલિક પગલાં લઈ લગભગ દોઢ લાખ લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડ્યા.આ ઘટના જમ્મુ-કાશ્મીરમાં તાવી નદીના પાણીના સ્તરમાં થયેલા વધારાને કારણે બની છે, જેનો પ્રવાહ સરહદ પાર પાકિસ્તાનમાં પણ જઈ શકે છે. બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો છતાં, ભારતની આ પહેલને માનવતાનું મોટું ઉદાહરણ માનવામાં આવે છે.ભારતના વિદેશ મંત્રાલયે ઈસ્લામાબાદ સ્થિત ભારતીય હાઈ કમિશન મારફતે પાકિસ્તાનને જાણ કરી કે જમ્મુમાં તાવી નદીનું જળસ્તર ઝડપથી વધી રહ્યું છે, જેના કારણે પૂરની સ્થિતિ ઊભી થઈ શકે છે. પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી. તેમ છતાં, ભારતે માનવતાના આધારે આ પગલું ભર્યું. ભારતે સ્પષ્ટ કર્યું છે કે આ એલર્ટ ફક્ત માનવતાના આધાર પર અપાયું છે અને તેનો સિંધુ જળ સંધિ સાથે કોઈ સંબંધ નથી.ભારતની ચેતવણી મળતાં જ, પાકિસ્તાનના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટીએ તરત જ પૂરનું એલર્ટ જાહેર કર્યું. પંજાબમાં ભારે વરસાદ અને નદીઓના વધેલા જળસ્તરને કારણે પંજાબ ઈમરજન્સી રેસ્ક્યુ સર્વિસના પ્રવક્તા ફારુક અહમદના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કસૂર, ઓકારા, પાકપટ્ટન, બહાવલનગર અને વેહારી જેવા જિલ્લાઓમાં નદી કિનારે રહેતાં લગભગ ૨૦,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

## વિક્રમ ભટ્ટના બીજા પ્રોજેક્ટમાં સની લિયોનની એન્ટ્રી, અભિનેત્રીએ પોસ્ટ શેર કરીને ખુશી વ્યક્ત કરી



। મુંબઇ, તા.૨૭ ।

સની લિયોને જિસ્મ ૨, રઈસ, તેરા ઈન્તઝાર અને એક પહેલી લીલા જેવી ઘણી બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે. તેણી વેબ સિરીઝમાં પણ જોવા મળી છે. આજે સોમવારે, પોસ્ટ શેર કરીને, તેણીએ તેના આગામી પ્રોજેક્ટ વિશે વિગતો શેર કરી છે, જેનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. રસપ્રદ વાત એ છે કે આમાં તે દિગ્દર્શક વિક્રમ ભટ્ટ સાથે કામ કરશે. ટ્રેન્ડિંગ વીડિયોસની લિયોને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક પોસ્ટ શેર કરી છે. આમાં તે દિગ્દર્શક વિક્રમ ભટ્ટ સાથે જોવા મળે છે. બંને હાથમાં ક્લેપબોર્ડ પકડીને જોવા મળે છે, જેના પર લખ્યું છે, 'વિશ્વાસઘાત'. સનીએ આ સાથે કેપ્શન લખ્યું છે, 'મારા પ્રિય દિગ્દર્શકોમાંથી એક સાથે ફરીથી કામ કરવાનો મોકો મળ્યો. ચાલો થોડો જાદુ કરીએ'.તમને જણાવી દઈએ કે આ પહેલા સની લિયોને વિક્રમ ભટ્ટ સાથે વેબ સિરીઝ 'અનામિકા'માં કામ કર્યું છે, જે વર્ષ ૨૦૨૨ માં આવી હતી. આ એક્શનથી ભરપૂર સ્પાય થ્રિલર વેબ સિરીઝ સ્ઠ પ્લેયર પર ઉપલબ્ધ છે. તેનું દિગ્દર્શન વિક્રમ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.નેટીઝન્સ સની અને વિક્રમના આગામી પ્રોજેક્ટ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. તેઓ બંનેને અભિનંદન આપી રહ્યા છે.

અમેરિકામાં મોકલવામાં આવતી પાર્સલ સેવાઓ થંભી ગઈ

## ટ્રમ્પે પોસ્ટલ એજન્સી પર ટેરિફ લાદતાં ૨૫ દેશોએ લીધો મોટો નિર્ણય । અમેરિકા મોકલાતી પાર્સલ સેવા અટકાવી

**૨૯ ઓગસ્ટથી અમેરિકા ૮૦૦ ડોલર કે તેથી ઓછી કિંમતના ગુડ્સ પર ડ્યુટી લાગુ કરશે । જે પહેલા ડ્યુટી ફ્રી હતા । નવા નિયમોના કારણે પોસ્ટલ સિસ્ટમ મારફત મોકલાતાં આવા પાર્સલ પર બેમાંથી એક ટેરિફ લાગુ કરશે**

। વૉશિંગ્ટન, તા.૨૭ ।

વિશ્વભરમાંથી અમેરિકામાં મોકલવામાં આવતી પાર્સલ સેવાઓ થંભી ગઈ છે. જેની પાછળનું કારણ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ ભય છે. ટ્રમ્પના ટેરિફ વોરના કારણે લગભગ ૨૫ દેશોએ અમેરિકામાં થતી પાર્સલ ડિલિવરી અટકાવી દીધી છે. યુનિવર્સલ પોસ્ટલ યુનિયને આ અંગે માહિતી આપી છે.યુનાઈટેડ નેશન્સ એજન્સીની યુનિવર્સલ પોસ્ટલ યુનિયને માહિતી આપી હતી કે, વિવિધ દેશોએ પ્રમુખ ટ્રમ્પના નવા ટેરિફ નિયમોના પગલે સર્જાયેલી અનિશ્ચિતતાઓના કારણે ડિલિવરી અટકાવી દીધી છે. ૨૫ દેશોના પોસ્ટલ ઓપરેટર્સે યુપીયુને સલાહ આપી હતી કે, તેઓએ ટ્રાન્ઝિસ્ટ સર્વિસ સંબંધિત અનિશ્ચિતતાઓના કારણે અમેરિકા મોકલાતી પોસ્ટલ સર્વિસ સસ્પેન્ડ કરી છે.એશિયા અને યુરોપના પોસ્ટલ ઓપરેટર્સે આ નિર્ણય લીધો છે.

વધુમાં ઓસ્ટ્રેલિયાની સરકારી પોસ્ટલ સર્વિસે પણ જાહેરાત કરી હતી કે, લાંબા ગાળાથી લાગુ કસ્ટમ નિયમોમાં ફેરફાર થતાં અમેરિકામાં પાર્સલ ડિલિવરી કામચલાઉ ધોરણે બંધ કરી છે.ટ્રમ્પે કસ્ટમ નિયમોમાં ફેરફાર કરતાં આદેશ આપ્યો હતો કે,



અમેરિકામાં ઓછી કિંમતના પેકેજીસ પર ડ્યુટી લાદશે. ૨૯ ઑગસ્ટથી અમેરિકા ૮૦૦ ડૉલર કે તેથી ઓછી કિંમતના ગુડ્સ પર ડ્યુટી લાગુ કરશે. જે પહેલા ડ્યુટી ફ્રી હતા. નવા નિયમોના કારણે પોસ્ટલ સિસ્ટમ મારફત મોકલાતાં આવા પાર્સલ પર બેમાંથી એક ટેરિફ લાગુ કરશેઃ કાં તો પેકેજના મૂળ દેશના અસરકારક ટેરિફ રેટની સમાન ડ્યુટી અથવા છ માસ માટે ટેરિફ પર આધારિત ૮૦થી ૨૦૦ ડૉલરનો ચાર્જ. ૨૬ ઑગસ્ટ બાદ અમેરિકા મોકલવામાં આવેલા પાર્સલ આગામી નોટિસ ન આવે ત્યાં સુધી સ્વીકારવામાં આવશે નહીં. જેમાં ૧૦૦ ડૉલરથી નીચેની કિંમતના લેટર્સ, ડૉક્યુમેન્ટ, અને ગિફ્ટને બાકાત રાખવામાં આવ્યા છે. વિશ્વભરમાંથી અમેરિકામાં મોકલવામાં આવતી પાર્સલ સેવાઓ થંભી ગઈ છે.

જેની પાછળનું કારણ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ ભય છે. ટ્રમ્પના ટેરિફ વોરના કારણે લગભગ ૨૫ દેશોએ અમેરિકામાં થતી પાર્સલ ડિલિવરી અટકાવી દીધી છે. યુનિવર્સલ પોસ્ટલ યુનિયને આ અંગે માહિતી આપી છે.યુનાઈટેડ નેશન્સ એજન્સીની યુનિવર્સલ પોસ્ટલ યુનિયને માહિતી આપી હતી કે, વિવિધ દેશોએ પ્રમુખ ટ્રમ્પના નવા ટેરિફ નિયમોના પગલે સર્જાયેલી અનિશ્ચિતતાઓના કારણે ડિલિવરી અટકાવી દીધી છે.

ચારે બાજુથી દબાણ વચ્ચે જાહેરાત

## ફેબ્રુઆરીમાં ચૂંટણી પછી યુનુસ નવી સરકારને સત્તા સોંપશે

**ફેબ્રુઆરી-૨૦૨૬ના પહેલા પખવાડિયામાં દેશમાં સામાન્ય ચૂંટણીઓ કરાવશે અને ત્યારબાદ ચૂંટાયેલી સરકારને સત્તા સોંપી દેવામાં આવશે**

। બાંગ્લાદેશ, તા.૨૭ ।

બાંગ્લાદેશમાં લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય અશાંતિ અને ચૂંટણી યોજવાની માંગ વચ્ચે દેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે, તેમની વચગાળાની સરકાર ફેબ્રુઆરી-૨૦૨૬ના પહેલા પખવાડિયામાં દેશમાં સામાન્ય ચૂંટણીઓ કરાવશે અને ત્યારબાદ ચૂંટાયેલી સરકારને સત્તા સોંપી દેવામાં આવશે. આ જાહેરાત બાંગ્લાદેશના રાજકીય ભવિષ્ય માટે એક નિર્ણાયક પગલું છે, જેનાથી સ્થિરતા અને લોકશાહી પુનઃસ્થાપિત થવાની આશા વધી છે.સરકારી સમાચાર એજન્સી બીએસએસના જણાવ્યા અનુસાર, યુનુસેએક ઉચ્ચ-સ્તરીય આંતરરાષ્ટ્રીય પરિષદમાં કહ્યું કે, 'હવે આપણે આપણા દેશના રાજકીય ઈતિહાસમાં નવા પરિવર્તન માટે તૈયાર છીએ. દેશ મોટાભાગે સ્થિર થઈ ગયો છે અને ચૂંટણી માટે તૈયાર છે. આથી અમે ફેબ્રુઆરી ૨૦૨૬ના પહેલા પખવાડિયામાં ચૂંટણી કરાવવાની જાહેરાત કરીએ છીએ.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, વચગાળાની સરકારની જગ્યા એક ચૂંટાયેલી સરકાર લેશે.યુનુસે પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના શાસનનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, 'આપણે આપણા રાજકીય ઈતિહાસના એક મહત્વપૂર્ણ વળાંક પર છીએ. એક વર્ષ પહેલાં આપણે એક ભીષણ હત્યાકાંડમાંથી પસાર થયા હતા. ત્યારબાદ, વિદ્યાર્થીઓએ દેખાવો કરતા દેશ ફાસીવાદી શાસનથી આઝાદ થયું હતું.' યુનુસનું આ નિવેદન હસીના સરકારના શાસનકાળ તરફ ઈશારો કરી રહી છે. યુનુસ સહિતના અનેક રાજકીય વિરોધીઓ હસીના સરકાર પર દમન અને માનવાધિકાર ઉલ્લંઘનના અવારનવાર આરોપો લગાવતા રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, શેખ હસીનાને ૫ ઓગસ્ટ-૨૦૨૪ના રોજ વિદ્યાર્થીઓના દેશવ્યાપી આંદોલન બાદ સત્તા છોડવી પડી હતી. આ દેખાવો સિવિલ સર્વિસની નોકરીઓમાં કોટા સિસ્ટમ વિરુદ્ધ થયા હતા. આ દરમિયાન દેશમાં ભારે દેખાવો સાથે હિંસા થઈ હતી. તે વખતે હિંસક ટોળું વડાંપ્રધાનના નિવાસસ્થાન તરફ ધસી આવ્યું હતુ અને ત્યાં ભારે તોડફોડ કરી હતી. હુમલા પહેલા શેખ હસીના પોતાના કેટલાક નજીકના લોકો સાથે વિમાનમાં ભારત આવી ગયા હતા.

## પરિવારમાં દીકરીઓનો અવાજ દબાવવો ન જોઈએ : શ્વેતા ત્રિપાઠી



। મુંબઇ, તા.૨૭ ।

મહિલા સમાનતા દિવસ ૨૬ ઓગસ્ટે ઉજવવામાં આવે છે. આ દિવસનો હેતુ ફક્ત મહિલા અધિકારો વિશે વાત કરવાનો નથી, પરંતુ પરિવર્તન ક્યાંથી શરૂ થાય છે તે સમજવાનો પણ છે. આ પ્રસંગે, અમર ઉજાલાએ અભિનેત્રી શ્વેતા ત્રિપાઠી સાથે વાત કરી, જેમણે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો.શ્વેતા કહે છે, 'આજે પણ આપણને સમાચાર મળે છે કે ૨૮ વર્ષની છોકરીને તેના પતિએ જીવતી સળગાવી દીધી છે.

આ ખૂબ જ દુઃખદ છે. તેથી, સમાનતાની વાત ફક્ત મોટી નીતિઓથી જ નહીં, પરંતુ ઘરેથી શરૂ થવી જોઈએ. જો પરિવાર જ દીકરીઓના સપના અને અવાજને દબાવી દેશે, તો બાહ્ય સંસ્થાઓ કે સરકારો કંઈ કરી શકશે નહીં.'તેના બાળપણને યાદ કરતાં તે કહે છે, 'હું ભાગ્યશાળી હતી કે મારા ઘરમાં શિક્ષણ અને વિચારસરણીને હંમેશા મહત્વ મળ્યું. પપ્પા આઈએએસ અધિકારી હતા, માતા શિક્ષિકા હતી અને બહેન મુખ્ય શિક્ષિકા હતી. આવા વાતાવરણે મને શીખવ્યું કે યોગ્ય વસ્તુ માટે ઉભા રહેવું મહત્વપૂર્ણ છે, ભલે તે મુશ્કેલ હોય.'

શ્વેતા માને છે કે સમાનતા માટેની લડાઈ રોજિંદા જીવનનો ભાગ હોવી જોઈએ. 'લોકો માને છે કે સમાનતા વિશે વાત કરવી એ એક મોટો મુદ્દો છે. પરંતુ વાસ્તવમાં તેને રોજિંદા વાતચીતનો ભાગ બનાવવો પડશે.

## યુ.કે.માં ઉડ્ડયન શીખવવા માટેનું હેલિકોપ્ટર તૂટી પડતાં ૩ના મૃત્યુ : ૧ને ગંભીર ઇજાઓ

। લંડન, તા.૨૭ ।

ઈંગ્લેન્ડનાં 'આઈલ-ઓફ-લેઈટ' નામના ટાપુનાં એક ખેતરમાં હેલિકોપ્ટર તૂટી પડતાં લોકોમાં ગભરાટ અને દુઃખ ફેલાઈ ગયા હતાં. નોર્ધમ્બરિયા-હેલિકોપ્ટર્સ કંપનીનું રોબિન્સન R.44 પ્રકારનું આ હેલિકોપ્ટર ઉડ્ડયન શીખવાડવા માટે ઉપયોગમાં લેવાતું હતું. તે સેન્ડાઉન એરપોર્ટ ઉપરથી સ્થાનિક સમય પ્રમાણે સવારે ૯-૦૦ વાગે ઉપડ્યું હતું. તેમાં પાયલોટ ઉપરાંત ૩ પેસેન્જર્સ હતા, પરંતુ ૯-૩૦ કલાક પહેલાં 'શાનકિલન' વિસ્તારમાં ધોરી માર્ગ પાસેનાં એક ખેતરમાં તે તૂટી પડ્યું હતું.આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓનાં સ્થળ ઉપર જ મૃત્યુ થયાં હતાં, જ્યારે એકને ગંભીર ઈજાઓ થઈ હતી. તેને તુર્ત જ સાઉથનટનનાં ટ્રોમા સેન્ટરમાં સારવાર અર્થે લઈ જવાયો હતો.

આ માહિતી આપતા સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટનાને નજરોનજર જોનારાઓએ કહ્યું હતું કે 'અમે હેલિકોપ્ટરને અંકુશ બહાર જતું જોયું હતું.'

તે સમયે એક વ્યક્તિ તેની મોટરમાં જઈ રહી હતી તેણે જોયું કે હેલિકોપ્ટર એક ખેતરની વાડ ઉપર પડ્યું. આ અંગે શેંકિલ-ટાઉન-કાઉસીલના એક વરિષ્ઠ કાઉન્સીલરે કહ્યું કે, અચાનક જ બનેલી આ દુર્ઘટનાથી શહેરમાં રહેલા નાગરિકો આંચકો ખાઈ ગયા હતા. અને સહજ રીતે વ્યથિત પણ થઈ ગયા હતા.

## 'આ યુદ્ધ બંધ કરવા અમે ભારતનાં પ્રધાનની આશા રાખીએ છીએ' : વ્લાદોમીર ઝેલેન્સ્કી

। કીવ, તા.૨૮ ।

સમગ્ર વિશ્વ જ્યારે ભયંકર રશિયા-યુક્રેન યુદ્ધ બંધ કરવા પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે તે માટે ભારતના પ્રધાનની અમે આશા રાખીએ છીએ. તેમ યુક્રેનના પ્રમુખ વ્લાદોમીર ઝેલેન્સ્કીએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનના સ્વાતંત્ર્ય દિને પાઠવેલા પત્રના ઉત્તરમાં ઝેલેન્સ્કીએ ઠ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું.તેઓએ લખ્યું : યુક્રેનના સ્વાતંત્ર્ય દિને તમોએ પાઠવેલા ઉષ્માભર્યા અભિનંદનો માટે આપનો આભાર. શાંતિ અને મંત્રણા માટેની ભારતની પ્રતિબદ્ધતા સરાહનીય છે. રાજદ્વારી કાર્યવાહીને પ્રબળ બનાવવા એકે-એક નિર્ણયો માત્ર યુરોપ જ નહીં સમગ્ર ઈન્ડો-પેસિફિક વિસ્તાર માટે મહત્વના છે.ભારતના સ્વાતંત્ર્ય દિને ઝેલેન્સ્કીએ પાઠવેલા અભિનંદન સંદેશા પછી વડાપ્રધાન મોદીએ પણ ઝેલેન્સ્કીનો આભાર માન્યો હતો. તે સંદર્ભે વડાપ્રધાન મોદીએ ઝેલેન્સ્કીને પાઠવેલા અભિનંદન સંદેશા પછી તેઓએ વળતો આભાર વ્યક્ત કર્યો હતો.ઉલ્લેખનીય છે કે યુક્રેનના પ્રમુખ વ્લાદોમીર ઝેલેન્સ્કી ટુંક સમયમાં ભારતની મુલાકાતે આવવાના છે. તે માટેની તારીખો હવે પછી નિશ્ચિત થશે, તેમ ભારત સ્થિત યુક્રેનના રાજદૂત ઑલકેઝાંડર પોલિશ્યુકે જણાવ્યું હતું.યુક્રેનના સ્વાતંત્ર્ય દિને વડાપ્રધાન મોદીએ પાઠવેલા પત્રથી યુક્રેનના પ્રમુખે નરેન્દ્ર મોદીનો વળતા પત્ર દ્વારા આભાર માન્યો સમગ્ર વિશ્વ જ્યારે ભયંકર રશિયા-યુક્રેન યુદ્ધ બંધ કરવા પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે તે માટે ભારતના પ્રધાનની અમે આશા રાખીએ છીએ. તેમ યુક્રેનના પ્રમુખ વ્લાદોમીર ઝેલેન્સ્કીએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનના સ્વાતંત્ર્ય દિને પાઠવેલા પત્રના ઉત્તરમાં ઝેલેન્સ્કીએ એક્સ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું.

**લેબમાં વિકસિત કિડની રોગોની સારવારમાં ઉપયોગી બનશે** | **સિદ્ધિ કિડનીનું પ્રત્યારોપણ કરવામાં નહીં, તેમાંથી ઝરતાં બાયોમોલિક્યુલ્સને સમજવામાં રહેલી છે**

## ઇઝરાયેલમાં વિજ્ઞાનીઓએ પ્રયોગશાળામાં વિકસાવેલી માનવકિડની ૩૪ સપ્તાહ ટકી

। નવી દિલ્હી, તા.૨૭ ।

ઈઝરાયેલના વિજ્ઞાનીઓએ પ્રયોગશાળામાં વિકસાવેલી માનવ કિડની ૩૪ અઠવાડિયા ટકી રહેતાં હવે કિડનીના રોગોની સારવારમાં ભવિષ્યમાં બહેતર સારવાર મળવાની આશા પેદાં થઈ છે. રિજનરેટિવ મેડિસિનના ક્ષેત્રમાં મળેલી આ સિદ્ધિને પગલે વિજ્ઞાનીઓ હવે લેબમાં વિકસિત કિડનીની ક્લિનિકલ ટ્રાયલ કરવાની તૈયારીઓ કરી રહ્યા છે.

તેલ અવીવ યુનિવર્સિટીના સહયોગથી શેબા મેડિકલ સેન્ટર ખાતે કામ કરતી ટીમે તૈયાર કરેલો હ્યુમન ફેટલ કિડની ઓર્ગેનોઈડ મોડેલ વિશેનો રિપોર્ટ ઈએમબીઓ જર્નલમાં પ્રકાશિત



થયો છે. આ રિપોર્ટ અનુસાર ટીમે વિકસાવેલી થ્રીડી સિન્થેટિક કિડની ઓર્ગેનોઈડ ૩૪ અઠવાડિયા કરતાં વધારે સમય ટકી રહી છે તે એક વિક્રમ છે. અગાઉ આ પ્રકારના પ્રયોગોમાં કિડની માંડ ચાર અઠવાડિયા જ ટકતી હતી. જો કે, આ કિડની હજી પ્રત્યારોપિત કરી શકાય તેવું અંગ બની નથી. આ કિડનીનુ મોડેલ રોગોનો અભ્યાસ અને તેની સારવારનું વધારે ચોકસાઈપૂર્વક પરીક્ષણ કરવામાં ઉપયોગી થઈ પડશે. આ મોડેલ વિજ્ઞાનીઓ ને કિડનીના રોગોનો અભ્યાસ કરવામાં અને તેને માટે નવી સારવારો વિકસાવવામાં મદદરૂપ થઈ પડશે. સંશોધકોએ જણાવ્યું હતું કે હવે આ કિડનીના મોડેલદ્વારા અમે રોગોનો વધારે બારીકાઈથી અભ્યાસ કરી શકીશું અને સારવારની અસરકારકતાનું પરીક્ષણ કરી શકીશું. નવી સારવાર વિકસાવવામાં પણ તે અમને ઉપયોગી બની રહેશે.

શેબાની એડમન્ડ એન્ડ લિલી સાફ્રા ચિલ્ડ્રન્સ હોસ્પિટલ ખાતે આવેલી સ્ટેમ સેલ રિસર્ચ ઈન્સ્ટિટયુટ ખાતે કામ કરતાં ડો. બેન્જામિન ડેકેલે જણાવ્યું હતુ કે સિદ્ધિ કિડનીનું પ્રત્યારોપણ કરવામાં નહીં પણ તેમાંથી ઝરતાં બાયોમોલિક્યુલ્સને સમજવામાં રહેલી છે. આ રસાયણ નુકશાન પામેલી કિડનીને સાજી કરવામાં સહાય કરે છે. આ બાબત સમજવામાં આવે તો પ્રમાણમાં ઓછી સર્જરી કરવી પડે તેવી સારવાર વિકસાવી શકાશે. જો કે, ડેકેલે ચેતવ્યા હતા કે વિજ્ઞાનીઓએ હજી ક્યા પ્રકારના કોષો તેમાં છે તે ઓળખી કાઢવાના બાકી છે. તેમાંથી રસાયણ ઝરે તે કિડનીને સાજી કરવામાં શું ભૂમિકા ભજવે છે તે ચકાસવાનું બાકી છે. એ પછી કિડની મોડેલની હ્યુમન ટ્રાયલ શરૂ કરી શકાશે.

હાલ દુનિયામાં લાખો લોકો કિડનીની સમસ્યાઓથી પીડાય છે અને હાલ જે મોડેલ કિડનીના રોગોને સમજવા માટે વપરાય છે તે કદ અને ચોકસાઈની દૃષ્ટિએ મર્યાદિત છે.

ટ્રમ્પ ભારત પર ગિન્નાયા છે : પાક. પછી ચીનને થાબડે છે

હું ચીનની મુલાકાત લઉં તે પ્રમુખ શી જિનપિંગને પસંદ પડશે આ બહુ મહત્ત્વના સંબંધો છે : ચીનમાંથી પુષ્કળ પૈસા આપણને મળે છે

## ટ્રમ્પ ચીનના ૬ લાખ વિદ્યાર્થીઓને અમેરિકામાં આવવા દેશે : અત્યારે ૨,૭૦,૦૦૦ ચીની વિદ્યાર્થીઓ યુ.એસ.માં

। વૉશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે, અમેરિકા ચીનમાંથી ૬ લાખ વિદ્યાર્થીઓને આવવા દેશે. સાથે તેમ પણ કહ્યું કે, ટેરિફ અંગે ચાલતી મંત્રણા સમયે ચીનમાંથી આવતા વિદ્યાર્થીઓનો પ્રવાહ મહત્ત્વનો બની રહેશે. આ સાથે તેઓએ કહ્યું કે ચીન સાથે સારા સંબંધો રાખવા હું પ્રતિબંદ્ધ છું. તમે જાણો છો કે હું ચાયના જાઉં તે પ્રમુખ શી જિનપિંગને વધુ પસંદ પડશે. આપણને ટેરિફ દ્વારા ચીન પાસેથી ઘણા બધા પૈસા મળે છે. આ સંબંધો ઘણા મહત્ત્વના છે. તેથી આપણે ચીન સાથે સારા સંબંધો રાખવા જ જોઈએ. આપણા ચીન સાથેના આર્થિક સંબંધો બાયડેનના સમયમાં હતા, તે કરતાં ઘણા વધુ સારા બની રહ્યાં છે.ઉલ્લેખનીય છે કે આ વર્ષના પ્રારંભે યુ.એસે. ૧૪૫ ટકા જેટલો આયાત-કર (ટેરિફ) ચીનના માલ ઉપર નાખ્યો હતો. તેની સામે ચીને ૧૨૬ ટકા ટેરિફ અમેરિકાના માલ ઉપર નાખ્યો. આ પછી જીનીવા મંત્રણા દરમિયાન (મે મહિનામાં) વધુ ટેક્ષ નહીં નાખવા બંને સહમત થયા હતા. ગત સપ્તાહે ચીની બનાવટના મેગ્નેટસ ઉપર ટ્રમ્પે ૨૦૦ ટકા ટેરિફ લાદ્યો હતો, અને કહ્યું કે, ''વૈશ્વિક



બજારોમાં (તે અંગે) ચીને એકાધિકાર સ્થાપી દીધો છે. પરંતુ તેથી આપણને કોઈ મુશ્કેલી થાય તેમ નથી. ચીને મેગ્નેટસ અંગે એકાધિકાર સ્થાપી દીધો છે. પરંતુ આપણે એકાદ વર્ષમાં તેને પહોંચી વળીશું. ચીને બહુ બુદ્ધિપૂર્વકનું કામ કર્યું છે.ફોક્સ ન્યૂઝ એજન્સી જણાવે છે કે અત્યારે યુ.એસ.માં ૨,૭૦,૦૦૦ ચીની વિદ્યાર્થીઓ છે. મૂળભૂત રીતે ચીનના કટ્ટર વિરોધી તેવા અમેરિકી વિદેશમંત્રી માર્કો રૂબિયોએ તો ચીની વિદ્યાર્થીઓના વિઝા ૨દ કરવાની ગંભીર યોજના ઘડી હતી. ખાસ કરીને ચીનની સામ્યવાદી પાર્ટી સાથે એક યા બીજી રીતે સંકળાયેલા ચીની વિદ્યાર્થીઓને સંવેદનશીલ સંશોધનોથી દૂર રાખવા પણ કહ્યું હતું. પરંતુ ટ્રમ્પે તે નીતિમાં આમૂલ પરિવર્તન કરી નાખ્યું છે. જૂન મહિનામાં જે તેમણે પત્રકારોને કહ્યું હતું કે, હું ચીની વિદ્યાર્થીઓને આવકારવાની તરફેણમાં છું.માર્કો-રૂબિયોથી તદ્દન વિરુદ્ધ કરાયેલાં ટ્રમ્પના આ વિધાનો અંગે કેટલાંક વિશ્લેષકો કહે છે કે એક સમયે (૧૭૫૬માં) મીર-જાફર પણ રોબર્ટ-કલાઈવને પરમ મિત્ર માનતા હતા. પછી કલાઈવે તેને જ ઠેકાણે પાડી દીધો. આવો ઘાટ ચીન-નીતિ અંગે ટ્રમ્પનો ઘડાઈ રહ્યો છે. તેવો ભારત ઉપર એટલા ગિન્નાયા છે કે પાકિસ્તાન પછી તેઓ ચીનને થાબડે છે. તેમણે રોબર્ટ કલાઈવનું જીવન ચરિત્ર વાંચવાની જરૂર છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે, અમેરિકા ચીનમાંથી ૬ લાખ વિદ્યાર્થીઓને આવવા દેશે.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya